RNI NO. GUJ/GUJ/2004/15191
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ફાગણ વદ-૯ બુધવાર, તા.૦૩-૦૪-૨૦૨૪ અંક : ૧૩૯ વર્ષ : ૨૧ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# આજની રાજપુત સમાજ કોર કમિટીની મિટિંગ બનશે નિર્ણાયક ?

## પરષોત્તમ રૂપાલાના નિવેદન બાદ આક્રમક બનેલા ક્ષત્રિય સમાજની કોર કમિટીની બેઠક મળ્યા બાદ ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે યોજાશે બેઠક : સુખદ સમાધાનની આશા

અમદાવાદ,

ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને ક્ષત્રિય આગેવાનો જેઓ ભાજપના નેતાઓ છે તેમની વચ્ચે ગઈકાલે થયેલી બેઠક બાદ આજે અમદાવાદના ગોતામાં રાજપૂત સમાજના ભવન ખાતે ગુજરાતના રાજપૂત સમાજની કોર કમિટીની બેઠક મળશે. ત્યારબાદ ભાજપના નેતા એવા ક્ષત્રિય આગેવાનો સાથે કોર કમિટીની બેઠક મળશે, જેમાં રૂપાલા અંગેના નિર્ણયની ચર્ચા કરવામાં આવશે.

આ મિટીંગ ક્ષત્રિય સમાજની નારાજગી બાદ આખરે શું નિર્ણય થશે તે માટે મહત્વની માનવામાં આવી રહી છે. ગોતા ખાતે આયોજીત કોર કમિટીની બેઠક બાદ ભાજપના ક્ષત્રિય આગેવાનો સાથે આ કમિટી બેઠક કરવાની છે. જો કે હજુ ગુરૂવારે પણ એક બેઠક મળવા જઈ રહી છે. આજની બેઠક સુખદ સમાધાન તરફ જાય તેવી ભાજપને આશા છે.

અમદાવાદના ગોતા-ઓગણજ રોડ ઉપર રાજપૂત સમાજનું ભવન આવેલું છે. રાજપૂત સમાજના તમામ કાર્યક્રમો અને મિટિંગ વગેરે આ ભવન ઉપર યોજાતી હોય છે. સમગ્ર ગુજરાતમાં ચર્ચાસ્પદ બનેલા એવા મુદ્દા અંગે ગોતા રાજપૂત ભવન ખાતે મહત્વની બેઠક મળશે.

બપોરે ભાજપના નેતા એવા ક્ષત્રિય આગેવાનોની બેઠક બાદ ગુજરાતની ૯૨ રાજપુત સંસ્થાઓના પ્રતિનિધિઓની આવતીકાલે ગુરુવારે બેઠક મળશે અને જેમાં ભાજપના આગેવાનો સાથે થયેલી ચર્ચા-વિચારણા બાબતે ૯૨ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ જ કોઈ નિર્ણય લેવાઈ શકે છે. જેથી હજી સુધી આવતીકાલ સુધીમાં આ વિવાદ પૂર્ણ થાય તેવી કોઈ શક્યતા નથી.

# પરષોત્તમ રૂપાલાને આચારસંહિતા ભંગની ફરિયાદમાં મળી ક્લિનચીટ

## સમાજ સામે આપેલા નિવેદન મામલે ફરિયાદ કરવામાં આવી હતી

રાજકોટ,

રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાને ચૂંટણી પંચ દ્વારા રાહત મળી છે. આચાર સંહિતા ભંગની ફરિયાદમાં રૂપાલાને ક્લિનચીટ મળી છે. એક કાર્યક્રમમાં સમાજ સામે નિવેદન બદલ ફરિયાદ નોંધાઈ હતી. રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાને આચારસંહિતા ભંગની ફરિયાદમાં ક્લિનચીટ મળી છે. રૂપાલા સામે કાર્યક્રમમાં સમાજ સામે આપેલા નિવેદન મામલે ફરિયાદ કરવામાં આવી હતી. જેનો રીપોર્ટ કરવામાં આવ્યો હતો. જિલ્લા ચૂંટણી અધિકારીના રિપોર્ટમાં રૂપાલાને ક્લિનચીટ આપવામાં આવી છે.

# ઈસ્તાંબુલ નાઈટ ક્લબમાં ભીષણ આગ લાગતા ૨૭ જીવતા ભૂંજાયા

## માર્યા ગયેલા લોકો ક્લબના રિનોવેશનના કામ સાથે સંકળાયેલા હતા

તુર્કી,

તુર્કીમાં ફરી એકવાર મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. દેશના ઈસ્તાંબુલ શહેરમાં એક નાઈટ ક્લબમાં રિનોવેશન દરમિયાન આગ લાગી હતી, જેમાં અત્યાર સુધીમાં ૨૭ લોકોના મોત થયા છે. આ ઘટનામાં અન્ય ઘણા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. એપીના અહેવાલ મુજબ, આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. મૃતકોની સંખ્યામાં હજુ વધારો થવાની આશંકા છે.

મળતી માહિતી મુજબ, ઈસ્તાંબુલ સ્થિત નાઈટ ક્લબ રિનોવેશન માટે બંધ કરવામાં આવી હતી. નાઈટ ક્લબ બેસિકતાસ જિલ્લામાં ૧૬ માળની રહેણાંક ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર હતી. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું છે કે આગના કારણની તપાસ કરવામાં આવી રહી છે. એવું માનવામાં આવે છે કે માર્યા ગયેલા લોકો ક્લબના રિનોવેશનના કામ સાથે સંકળાયેલા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

# ભૂકંપના તીવ્ર આંચકાથી ધણધણ્યું તાઈવાન

## ૪ના મોત અનેક લોકો ઘાયલ, સુનામી એલર્ટ



તાઈવાન,

બુધવારે તાઈવાનમાં ૭.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેના આંચકા જાપાન અને ફિલિપાઈન્સમાં પણ અનુભવાયા હતા. આ પછી તાઈવાન, જાપાન અને ફિલિપાઈન્સમાં સુનામી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

તાઈવાનના મીડિયા અનુસાર, પ્રાથમિક અહેવાલમાં ચારના મોત થયા છે અને ૧૦૦ ઘાયલ છે. જો કે આકડો વધી શકવાની પુરી શકયતા છે. ભુકંપથી તાઈવાનમાં ૧૦ હજારથી વધુ ઘરો વીજળી ગુલ થઈ છે. ભૂકંપના કારણે વાયર અને પાવર પ્લાન્ટને નુકસાન થયું છે. વીજ પાવર સપ્લાય ફરીથી શરુ કરવાની કામગીરી ચાલી રહી છે.

જાપાનના હવામાન વિભાગે સમુદ્રમાં ૩ મીટર એટલે કે લગભગ ૧૦ ફૂટ સુધી મોજા ઉછળવાની આગાહી કરી છે. જો કે હજી સુધી જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.તાઈવાનના સેન્ટ્રલ વેધર બ્યુરોના જણાવ્યા અનુસાર, ૨૫ વર્ષમાં તાઈવાનમાં આવેલો આ સૌથી ખતરનાક ભૂકંપ છે. આ પહેલા ૧૯૯૯માં ૭.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ત્યારે ૨ હજારથી વધુ લોકોના મોત થયા હતા.

તાઈવાનની હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, પૂર્વ તાઈવાનના હુલિએન શહેરમાં ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર ધરતીથી ૩૪ કિલોમીટર નીચે હતું. ભારતીય સમય અનુસાર સવારે ૫:૩૦ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ઘણા આફ્ટરશોક્સ પણ આવ્યા છે. તેમાંથી સૌથી તેજ ૬.૫ની તીવ્રતાનો આફ્ટરશોક હતો.

# પાકિસ્તાન સુપર લીગ અને IPL ટીમો વચ્ચે ટક્કર થશે!

## ૧૦ વર્ષ બાદ વાપસી કરી રહી છે ચેમ્પિયન્સ લીગ T20 ટુર્નામેન્ટ?

મુંબઈ,

ભારત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડ દસ વર્ષ પહેલા બંધ કરાયેલી ચેમ્પિયન્સ લીગ્ ૨૦ ચેમ્પિયનશિપને ફરીથી શરૂ કરવા માટે એકબીજાની વચ્ચે વાતચીત કરી રહ્યા છે. જો આ મોટા ક્રિકેટ બોર્ડ ફરી એકવાર સંમત થાય તો આ ટુર્નામેન્ટ ફરી એકવાર શરૂ થઈ શકે છે. જો આ ટૂર્નામેન્ટને મંજૂરી મળે તો પાકિસ્તાન સુપર લીગ (PSL) અને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ખેલાડીઓ પણ એકબીજા સામે રમતા જોવા મળી શકે છે.

છેલ્લી વખત ચેમ્પિયન્સ્ ૨૦ ટૂર્નામેન્ટનું આયોજન ૨૦૧૪માં કરવામાં આવ્યું હતું, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને હરાવીને ટાઈટલ જીત્યું હતું. તે સમયે ભારતની ત્રણ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની બે-બે અને પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ અને ન્યુઝીલેન્ડની એક-એક ટીમે તેમાં ભાગ લીધો હતો.

ચેમ્પિયન્સ લીગ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૪-૧૫ વચ્ચે છ સિઝનમાં રમાઈ હતી, જેમાંથી ચાર ભારતમાં અને બે દક્ષિણ આફ્રિકામાં રમાઈ હતી. ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સે બે વખત ખિતાબ જીત્યો હતો. જ્યારે ઓસ્ટ્રેલિયાની ન્યૂ સાઉથ વેલ્સ અને સિડની સિક્સર્સે એક-એક વખત ટાઈટલ કબજે કર્યું હતું.

ક્રિકેટ વિક્ટોરિયાના સીઈઓ નિક કમિન્સે કહ્યું કે અત્યંત વ્યસ્ત ક્રિકેટ કેલેન્ડરમાં આ માટે એક અલગ વિન્ડો બનાવવાનો સૌથી મોટો પડકાર છે. ભારતમાં મેલબોર્ન ક્રિકેટ એકેડમીના લોન્ચિંગ માટે ખેલોમોર પર બોલતા, તેણે કહ્યું, 'મને લાગે છે કે ચેમ્પિયન્સ લીગ તેના સમય કરતાં આગળની પહેલ હતી. તે સમયે ટી૨૦ ક્રિકેટ એટલું પરિપક્વ નહોતું, પરંતુ હવે છે.તેણે કહ્યું- ક્રિકેટ ઓસ્ટ્રેલિયા, ECB અને BCCI તેને ફરી શરૂ કરવાની વાત કરી રહ્યા છે. વ્યસ્ત ICC કેલેન્ડરમાં આ માટે વિન્ડો શોધવી મુશ્કેલ છે. શક્ય છે કે ચેમ્પિયન્સ લીગ મહિલા ક્રિકેટ માટે હશે, જેમાં WPL, ધ હંડ્રેડ અને વિમેન્સ બિગ બેશ લીગની ટીમો રમશે.

# તિહારમાં બંધ કેજરીવાલના વજનમાં ઝડપથી થયો ઘટાડો

## સાડા ચાર કિલો વજન ઘટ્યું : તબીબો હાલ ચિંતામાં



તિહાર,

તિહાર જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું વજન ઝડપથી ઘટી રહ્યું છે. આમ આદમી પાર્ટીના સૂત્રોએ આ મોટો દાવો કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ધરપકડ બાદ કેજરીવાલે સાડા ચાર કિલો વજન ઘટ્યું છે. ઝડપથી ઘટી રહેલા વજનને લઈને ડૉક્ટરોએ ચિંતા વ્યક્ત કરી છે. કેજરીવાલ ત્રણ દિવસથી જેલમાં છે. સોમવારે તેમને ૧૫ દિવસ માટે જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા.

# ઘરમાં આગ લાગતા એક જ પરિવારના ૭ લોકોના મોત

## મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના છાવણી વિસ્તારમાં ત્રણ માળની ઈમારતમાં આગ લાગી

સંભાજીનગર,

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના કેન્ટોનમેન્ટ વિસ્તારમાં એક મકાનમાં આગ લાગવાથી એક જ પરિવારના સાત લોકોના મોત થયા છે. તેમાં ૩ મહિલાઓ, ૨ બાળકો અને ૨ પુરૂષોનો સમાવેશ થાય છે. જણાવવામાં આવી રહ્યું છે કે બેટરી વાળું વાહન ચાર્જિંગમાં હતું અને તેમાં બ્લાસ્ટ થતાં જબરદસ્ત આગ ફાટી નીકળી હતી.

મૃત્યુ પામેલાઓમાં અસીમ, પરી, વસીમ શેખ (૩૦), તનવીર વસીમ (૨૩), હમીદા બેગમ (૫૦), શેખ સોહેલ (૩૫) અને રેશ્મા શેખ (૨૨)નો સમાવેશ થાય છે. જે ઈમારતમાં આગ લાગી તે ત્રણ માળની ઈમારત હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર કપડાની દુકાન હતી, જેમાં આગ લાગી હતી.

# કેજરીવાલની અરજી પર આજે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી

## ધરપકડ અને રિમાન્ડના નિર્ણયને પડકાર્યો છે

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટમાં આજે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર સુનાવણી થશે. કેજરીવાલે લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડ અને રિમાન્ડના નિર્ણયને પડકાર્યો છે. તેમણે ૨૩ માર્ચે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.

કોર્ટે આ મામલે EDને નોટિસ પાઠવી હતી અને ૨ એપ્રિલ સુધીમાં જવાબ માંગ્યો હતો. EDએ ૨ એપ્રિલની સાંજે કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો હતો. જેમાં એજન્સીએ કહ્યું કે આમ આદમી પાર્ટીએ કેજરીવાલ દ્વારા મની લોન્ડરિંગ કર્યું. ED અનુસાર, AAPને દિલ્હી લિકર પોલિસી કેસના પૈસાથી સૌથી વધુ ફાયદો થયો છે. ગોવા વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં પાર્ટીએ લિકર પોલિસી કેસમાં લગભગ ૪૫ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા.

# ચૂંટણીમાં પોલિંગ બૂથ પર ORS પણ રહેશે

## ૧૦ લાખ પોલિંગ બૂથો પર સુવિધા ઉપલબ્ધ કરાવવા આદેશ

નવીદિલ્હી,

આ વર્ષે દેશમાં એપ્રિલના અંતથી પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય તેવી આગાહી છે આ દરમિયાન લોકસભાની ચૂંટણી પણ થવાની છે. ભીષણ ગરમીને જોતાં ચૂંટણીપંચે તેના ૧૬ માર્ચના દિશાનિર્દેશોને ફરી ઉચ્ચારતા રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનરોને ગરમીમાં મતદાતાઓ માટે દરેક જરૂરી વ્યવસ્થા કરવા કહ્યું છે. ચૂંટણીપંચે આ પહેલાં ગરમીના કારણે દેશભરમાં આશરે દસ લાખ મતદાન કેન્દ્રો પર તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવા સૂચના આપી હતી, જેથી મતદાતાઓને મતદાન સમયે કોઈ તકલીફ ન થાય. ૨૦૦૪ પછીથી લોકસભા ચૂંટણી ઉનાળામાં યોજાઈ રહી છે. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીનું છેલ્લા તબક્કાનું મતદાન ૧૩ મે અને ૨૦૧૪માં ૧૨ મે તેમજ ૨૦૧૯ની ચૂંટણીમાં ૧૯મે ના રોજ છેલ્લા તબક્કાનું મતદાન થયું હતું.

# દુનિયાની ધાર્મિક રાજધાની બની 'અયોધ્યા'

## ૪૮ દિવસમાં જ ૧ કરોડ શ્રદ્ધાળુઓ ભગવાન રામના દર્શન કરવા પહોંચ્યા



અયોધ્યા,

અયોધ્યા દુનિયાની ધાર્મિક રાજધાની બની ગઈ છે. રામ મંદિર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે ૨૨ જાન્યુઆરીએ રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા પછી ૧૦ માર્ચ સુધી અહીં ૧ કરોડ લોકો પહોંચ્યા છે. એટલે લગભગ ૨ લાખ લોકો અહીં રોજ દર્શન કરી રહ્યા છે.

દુનિયામાં આટલી મોટી સંખ્યામાં લોકો કોઈપણ ધર્મના ધર્મસ્થળ પર પહોંચી રહ્યા નથી. ઈસાઈઓના સૌથી મોટા ધાર્મિક સ્થળ વેટિકન સિટીમાં વાર્ષિક લગભગ ૯૦ લાખ લોકો આવે છે. જ્યારે મુસ્લિમોના પવિત્ર સ્થળ મક્કામાં ગયા વર્ષે ૧.૩૫ કરોડ લોકો પહોંચ્યા.૨૨ જાન્યુઆરીના રોજ ભગવાન રામની પ્રાણપ્રતિષ્ઠા થઈ. ત્યારથી ૪૮ દિવસ (૨૨ જાન્યુઆરીથી ૧૦ માર્ચ સુધી)માં અહીં ૧ કરોડ લોકો દર્શન કરી ચૂક્યા છે. યૂપી ટૂરિઝમ વિભાગના જણાવ્યા પ્રમાણે આ વર્ષે લગભગ ૮ કરોડથી વધારે શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચી શકે છે. ધાર્મિક સ્થળ પર બિઝનેસ મોનિટરિંગ કરનારી એજન્સી હ્યુમન કેપિટલ સાસ પ્લેટફોર્મ બેટરપ્લેસના જણાવ્યા પ્રમાણે આગામી ૪-૫ વર્ષોમાં અહીં દોઢથી ૨ લાખ લોકોને રોજગાર મળવાની શક્યતા છે.

અયોધ્યામાં મંદિર નિર્માણ સાથે અહીં જમીનની કિંમત ૧૦ ગણી વધી ગઈ છે. લગભગ ૭૦૦ લોકોએ પોતાના ઘરને હોમ સ્ટેમાં બદલી દીધા છે. છેલ્લાં ૨ વર્ષમાં લગભગ ૧૦૦ હોટલ બનીને તૈયાર છે. ૫૦ થી વધારે હોટલનું કન્સ્ટ્રક્શન ચાલી રહ્યું છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ)એ આંકલન કર્યું હતું કે મંદિર નિર્માણથી અહીં વેપારનો આંકડો ૧ લાખ કરોડ રૂપિયા પહોંચી શકે છે. પ્રાણપ્રતિષ્ઠા પહેલાં ૫૦ હજાર કરોડનું અનુમાન હતું.

# ક્ષત્રિય સમાજ મોટું મન રાખે : પાટીલ



ગાંધીનગર,તા.૨

પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધને શાંત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની હાજરીમાં ગાંધીનગરમાં બેઠક યોજાઇ.બેઠક બાદ સી આર પાટીલે મીડિયા સમક્ષ નિવેદન આપ્યુ છે. તેમણે ક્ષત્રિય સમાજને મોટુ મન રાખીને રુપાલાને માફ કરી દેવા વિનંતી કરી છે.

પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધને શાંત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની હાજરીમાં ગાંધીનગરમાં બેઠક યોજાઇ.બેઠક બાદ સી આર પાટીલે મીડિયા સમક્ષ નિવેદન આપ્યુ છે. તેમણે ક્ષત્રિય સમાજને મોટુ મન રાખીને રુપાલાને માફ કરી દેવા વિનંતી કરી છે.

પરશોત્તમ રૂપાલાના વિવાદ મુદ્દે ગાંધીનગરમાં બેઠક યોજાયા બાદ ભાજપે ક્ષત્રિયોને માફી આપવા અરજી કરી છે. ક્ષત્રિય સમાજને મોટું મન રાખીને રુપાલાને માફ કરવા ભાજપે વિનંતી કરી. બેઠક બાદ સી આર પાટીલે જણાવ્યુ કે રૂપાલાની ટિપ્પણીને કારણે ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો હતો.

જે પછી પરશોત્તમ રુપાલાએ ત્રણ વખત માફી માગી છે. ક્ષત્રિય સમાજને હું હાથ જોડી વિનંતી કરું છું. ભૂલ માટે વારંવાર માફી માંગી છે, તેમને માફ ક્ષત્રિય સમાજ માફ કરી દે.

મહત્વનું છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની હાજરીમાં યોજાયેલી બેઠકમાં ભાજપના ક્ષત્રિય અગ્રણીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ સાથે જ બેઠકમાં હર્ષ સંઘવી, ક્ષત્રિણ સમાજના અગ્રણીઓ બળવંતસિંહ રાજપૂત, જયરાજસિંહ પરમાર, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કિરીટસિંહ રાણા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ક્ષત્રિયાણીઓ વડાપ્રધાન મોદીને પોસ્ટકાર્ડ લખશે

## સુરતમાં ક્ષત્રિય સમાજે રૂપાલાના વિરોધની બેઠકમાં રણનીતિ ઘડી

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાનો વિરોધ મામલો સુરત સુધી પહોંચી ગયો છે. આ સાથે જ ક્ષત્રિય સમાજની મહિલાઓને પણ જોડાવા માટે અપીલ કરવામાં આવી છે. ક્ષત્રિય બહેનો દ્વારા PM મોદીને પોસ્ટકાર્ડ લખાશે.

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાનું ક્ષત્રિય સમાજને લઈને કરવામાં




આવેલા નિવેદન બાદ ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેમાં સુરતનો સહિત દક્ષિણ ગુજરાતનો ક્ષત્રિય સમાજ પણ જોડાયો છે. સુરતમાં વસતા તમામ ક્ષત્રિય સમાજો, પ્રતાપ ફાઉન્ડેશન સુરત તથા ભારત વર્ષના તમામ પ્રાંતોના સુરતમાં વસતા ક્ષત્રિય સમાજની બેઠક યોજાઇ હતી. બેઠકમાં રૂપાલાનો વિરોધને લઈ રણનીતિ બનાવવામાં આવી હતી. સીઆર પાટીલે હાથ જોડી માફી માંગી હોવા છતાં ક્ષત્રિય સમાજ નારાજ છે. ક્ષત્રિય સમાજની એક જ માગ રૂપાલાની ટિકિટ કાપો. સુરત બ્રહ્મ સમાજ દ્વારા સમર્થન જાહેર કરાયું છે.

# હિંમતનગરમાં કાર્યકરોએ પ્રફુલ પટેલના વિરોધમાં નારા લગાવ્યાં

## કાર્યકરોએ આરોપ લગાવ્યો કે પ્રફુલ પટેલે સાબરકાંઠામાં જૂથવાદ ઉભો કર્યો

સાબરકાંઠા

સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપે ભીખાજી ઠાકોરને બદલીને શોભનાબેન બારૈયાને ઉમેદવાર જાહેર કર્યા ત્યારથી વિરોધ યથાવત છે. ભીખાજીના સમર્થકો વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. આ દરમિયાન હિંમતનગરમાં ભાજપ કાર્યકરોએ પ્રફુલ પટેલના વિરોધમાં નારા લગાવ્યાં છે.

પ્રફુલ પટેલ રાજ્યના પૂર્વ ગૃહ પ્રધાન છે અને હાલમાં કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા-નગર હવેલી દમણ-દીવ અને લક્ષદ્વીપના પ્રશાસક છે. હિંમતનગરમાં ભાજપ કાર્યાલય ખાતે ભેગા થયેલા ભાજપ કાર્યકરોએ આરોપ લગાવ્યો હતો કે પ્રફુલ પટેલે સાબરકાંઠામાં જૂથવાદ ઉભો કર્યો અને આથી જ ભીખાજીને બદલીને શોભનાબેન બારૈયાને ભાજપે ટિકિટ આપી છે.

શોભનાબેન બારૈયા પ્રાંતિજના પૂર્વ કોંગી ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના પત્ની છે. મહેન્દ્રસિંહ થોડા સમય પહેલા જ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા છે.

# એપ્રિલમાં આકરી ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી

## ગુજરાત સહિત ૨૩ રાજ્યોમાં હીટવેવની શક્યતા

અમદાવાદ,

આ વર્ષે ગુજરાત સહિત દેશભરમાં આકરી ગરમી પડવાની આગાહી છે. જૂન મહિના સુધી તાપમાનનો પારો ઉંચો રહેવાની શક્યતા છે. આ માટે આવતા અઠવાડિયાથી ગુજરાતના તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રી વધી જશે. એપ્રિલના અંતથી ગુજરાત સહિત ૨૩ રાજ્યોમાં હીટવેવની શક્યતા છે. એપ્રિલમાં સતત ૨૦ દિવસ સુધી લૂ ફેંકાય તેવી શક્યતા છે. તો આ વર્ષે ગરમી જૂન મહિનામાં તમામ રેકોર્ડ તોડી શકે છે. મેદાની વિસ્તારોમાં લૂની અસર વધુ રહેવાની શક્યતા છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન સામાન્યથી વધુ રહેશે. જોકે, આ વચ્ચે એક રાહતના સમાચાર એ છે કે, આખો એપ્રિલ મહિનો ગરમીનો માર સહન કરવાનો નહિ આવે. કારણ કે, એપ્રિલની શરૂઆતમાં જ કમોસમી વરસાદ દસ્તક આપશે. કમોસમી વરસાદને કારણે ગરમીના પારામાં



ઘટાડો થઈ શકે છે. ગુજરાતમાં બદલાયેલા મોસમના મિજાજ વચ્ચે નવી આગાહી આવી છે. એપ્રિલ મહિનામાં ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી આવી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, એપ્રિલ માસમાં ગુજરાતના વાતાવરણમા પલટો આવશે. આંધી વંટોળ સાથે ગુજરાતમાં વરસાદનું આગમન થશે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી કે, ગુજરાતમાં એપ્રિલ મહિનામાં વાતાવરણમાં મોટો પલટો આવશે. એપ્રિલ મહિનામાં વરસાદ આવશે.

# પોલીસે લાફો મારતાં યુવકે ફાંસો ખાધો

## આક્ષેપ કરી પરિવારે પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાવી

વાઘોડિયા

વાઘોડિયા તાલુકાના કુમેઠા ગામે સોમવારે સાંજે એક માથાકૂટમાં પોલીસ જીપ અને એક ખાનગી કાર લઈ તપાસ માટે ગઈ હતી. જ્યાં પોલીસ કર્મચારીઓએ એક નિર્દોષ યુવકને પકડી લાફા ઝીકી દેતાં યુવકને લાગી આવ્યું હતું, જેથી યુવકે આઘાતમાં આવી મોડી રાત્રે ફાંસો ખાઈ જીવન ટુકાવ્યું હતું. પોલીસે લાફો મારતા યુવકે ફાંસો ખાધો હોવાનો આક્ષેપ કરી પરિવારે પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

વડોદરા જરોદ રોડ ઉપર ભણીયારા નજીક આવેલા કુમેઠા ગામે ગઈકાલે સાંજે થયેલી એક બબાલમાં જરોદ પોલીસમથકમાંથી સરકારી જીપ અને એક ખાનગી કાર લઈ પોલીસ તપાસ માટે પહોંચી હતી. જ્યાં પોલીસે ગામના નિર્દોષ લોકો સાથે મારામારી કરી હતી. ગામના ૨૫ વર્ષના યુવક નીતિન રમેશભાઈ પરમાર આ સમયે ત્યાં જ હાજર હતો, ત્યારે પોલીસે તેને અચાનક રોકી ગાલ પર લાફા ઝીકી જીપમાં બેસાડી દીધો હતો. ગામમાં ઝઘડાની બબાલ હોવાથી લોકોના ટોળેટોળા વળ્યા હોવાથી પોલીસ કડકાઈથી કામ લેવા જતાં મારપીટ શરૂ કરી હતી.

# ડ્રગ્સની બાતમી આપતો હોવાની શંકા રાખી જાહેરમાં યુવકની હત્યા

## છેલ્લા બે દિવસમાં સુરતમાં હત્યાની ત્રીજી ઘટના બનીને સામે આવી

સુરત,

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ફરી એક વખત સવાલો ઉભા થયા છે. સુરતના રીંગરોડ ખાતા આવેલી જૂની સબજેલ નજીક મોડી સાંજે ચારથી પાંચ જેટલા શખ્સોએ યુવક ઉપર ઘાતક હથિયારથી જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી ગઈ છે. હત્યાની આ ઘટના બાદ આરોપીઓ ફરાર થઈ જતા પોલીસે લાશને પીએમ અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

જોકે છેલ્લા બે દિવસમાં સુરતમાં હત્યાની આ ત્રીજી ઘટના બનીને સામે આવતા પોલીસ કમિશનર વિનાના સુરત શહેરમાં તાકીદે નવા પોલીસ કમિશનરની નિમણૂક કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. અત્યારની આ ઘટનામાં મૃતક પોલીસને વાતની આપતો હોવાની શંકા રાખી ડ્રગ્સ પેડલરો દ્વારા હત્યા કરવામાં આવી હોવાનો આરોપ મૃતકના પરિવારે કર્યો છે. સુરત શહેર ફરી રક્ત-રંજીત બન્યું છે. છેલ્લા બે દિવસમાં સુરત શહેરમાં હત્યાના ત્રણ બનાવો સામે આવ્યા છે.

# સુરત : નકલી સુમુલ શુધ્ધ ઘીનો જથ્થો ઝડપાયો

## મુદ્દામાલ કબજે કરી એક આરોપીને વોન્ટેડ બતાવ્યો

સુરત

સુરતના કાપોદ્રા કારગીલ ચોક કૈવટ નગર સોસાયટીમાં આવેલ જય હસમુખા હનુમાન ડેરી એન્ડ બેકરીમાં ગતરોજ પોલીસે રેડ પાડી સુમુલ ડેરીના સુમુલ શુધ્ધ ઘીનો ડુપ્લિકેટ જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ડેરીના માલીકની ધરપકડ કરી ડેરીમાંથી ડુપ્લિકેટ શુધ્ધ ઘીના ૧ લીટરના અને ૫૦૦ મી.લીના ૮ પાઉચ મળી કુલ રૂપીયા ૩૪૧૦નો મુદ્દામાલ કબજે કરી એક આરોપીને વોન્ટેડ બતાવ્યો છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા કારગીલ ચોક કૈવટનગર સોસાયટીમાં આવેલ જય હસમુખા હનુમાન ડેરી એન્ડ બેકરીમાં ગતરોજ મોડી સાંજે સાડા છ વાગ્યે પોલીસે રેડ પાડી હતી. જેમાં તપાસ દરમ્યાન ડેરીમાંથી સુરત-તાપી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિમિટેડ સુમુલ ડેરીના કોઈ પણ પ્રકારના લાયસન્સ વગર સુમુલ શુધ્ધ ઘીના ૧ લિટરના ૩ અને ૫૦૦ મી.લીના ૫ મળી કુલ ૭ પાઉચ મળી કુલ રૂપિયા ૩૪૧૦નો જથ્થો મળી આવ્યો હતો.

# કેજરીવાલની ગેરહાજરીમાં તેમની પત્ની ગુજરાતમાં પ્રચાર કરી શકે છે

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીના કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં છેલ્લી સભાને સંબોધી હતી. કેજરીવાલે પંજાબના સીએમ ભગવંત માન સાથે પાર્ટીનું ચૂંટણી અભિયાન "મેં ભી કેજરીવાલ" શરૂ કર્યું હતું. દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં જેલમાં ગયા બાદ આપની તૈયારીઓને મોટો ઝટકો લાગ્યો છે. ગુજરાતની ભરૂચ બેઠક આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ પાસેથી ભારે તાકાતથી છીનવી લીધી હતી. ભરૂચ સીટ માટે આપૅએ ગોવા અને ચંદીગઢ સીટ છોડવી પડી હતી. એક બેઠક મેળવવા માટે પાર્ટીએ કોંગ્રેસને બે બેઠકો આપી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૪ ટકા મતો મેળવીને રાષ્ટ્રીય પક્ષ બનેલી આપએ ભરૂચ અને ભાવનગર લોકસભા બેઠકો પર તેના વર્તમાન ધારાસભ્યોને મેદાનમાં ઉતાર્યા છે. આપ કન્વીનરની ધરપકડ બાદ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી લોકસભા ચૂંટણીમાં બંને બેઠકો પર ભાજપને ટક્કર આપવા માટે નવી વ્યૂહરચના પર કામ કરી રહ્યા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ કેજરીવાલની ગેરહાજરીમાં તેમની પત્ની ગુજરાતમાં દસ્તક આપી શકે છે. તે બંને લોકસભા મતવિસ્તારોમાં પાર્ટીના ઉમેદવારો માટે કાર્યક્રમોનું આયોજન કરી શકે છે.

# PSI અને લોકરક્ષક ભરતીની પરીક્ષા ઓફલાઈન લેવાશે

## ૧૨૪૭૨ જગ્યાઓ સીધી ભરતી કરવા માટે થોડા દિવસ અગાઉ જાહેરાત કરાઈ હતી

અમદાવાદ,

PSI તથા લોકરક્ષક ભરતીની પરીક્ષાને લઈ મહત્વપૂર્ણ અપડેટ આવ્યું છે. હસમુખ પટેલે ટ્વીટ કરી જણાવ્યું છે કે, આ પરીક્ષાઓ ઓફલાઈન લેવાશે. ગુજરાત પોલીસ દળમાં પો.સ.ઈ. કેડરની બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા લોકરક્ષક કેડરની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) અને જેલ સિપોઇ વર્ગ-૩ સંવર્ગની કુલ ૧૨૪૭૨ ખાલી જગ્યાઓ સીધી ભરતી કરવા માટે થોડા દિવસ અગાઉ જ જાહેરાત કરવામાં આવી હતી. જે પરીક્ષા ઓફલાઈન લેવાશે.

આ તમામ સંવર્ગની સબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૦૪/૦૪/૨૦૨૪ (બપોરના ૩ વાગ્યા)થી તા.૩૦/૦૪/૨૦૨૪ (રાત્રિના ૧૧:૫૯ વાગ્યા સુધી) કાળજીપૂર્વક ઓનલાઈન અરજી કરવાની રહેશે.

# ૩૫ વર્ષ પહેલા થયેલા બેંક ફ્રોડ કેસમાં કોર્ટે ૯૬ વર્ષના આરોપીને એક વર્ષની કેદ ફટકારી


અમદાવાદ,

૩૫ વર્ષ પહેલા થયેલા બેંક ફ્રોડ કેસમાં ગુજરાતની એક કોર્ટે ૯૬ વર્ષની ઉંમરના એક વ્યક્તિને એક વર્ષની કેદની સજા ફટકારી છે. દોષિત વ્યક્તિ પથારીવશ છે અને ઘણી બીમારીઓથી પીડિત છે. આમ છતાં સીબીઆઈ કોર્ટે તેને સજા ફટકારી છે અને તેની સામે વોરંટ જારી કર્યું છે. કોર્ટે કડકતાનું કારણ પણ આપ્યું છે. દોષિતનું નામ અનિલ ગોસાલિયા છે અને તે મુંબઈમાં રહે છે.બીમારીના કારણે તે કોર્ટની કાર્યવાહીમાં હાજર રહી શક્યો ન હતો. તેની શારીરિક સ્થિતિ સારી ન હોવા છતાં, CBIના વિશેષ ન્યાયાધીશ સી.જી. મહેતાએ તેમની સામે દોષિત ઠરાવવાનું વોરંટ જારી કર્યું હતું. ગોસાલિયાના વકીલ આરજી આહુજાએ કોર્ટને તેમના અસીલની તબિયત વિશે જાણ કરી અને આના આધારે નમ્રતા દાખવવાની વિનંતી કરી. ગોસાલિયાની સ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્ટે દયા દાખવી તેને એક વર્ષની જેલની સજા ફટકારી હતી. કોર્ટે સ્વીકાર્યું કે તે પોતાની રોજિંદી પ્રવૃત્તિઓ સ્વતંત્ર રીતે કરી શકતો નથી. જો કે, ન્યાયાધીશે ગોસાલિયાના વકીલની પ્રોબેશનનો લાભ આપવાની વિનંતીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, 'જ્યાં સુધી કોર્ટ આ પ્રકારના સામાજિક-આર્થિક ગુનાઓમાં યોગ્ય સજા ન આપે ત્યાં સુધી લોકોનો ન્યાય પ્રણાલી અને કાયદાના હેતુ પરથી વિશ્વાસ ઉઠી જાય છે. ખોટી સહાનુભૂતિ અથવા અયોગ્ય ઉદારતા સમાજમાં ખોટો સંદેશો જશે. ગોસાલિયા ઉપરાંત તેમના ૭૧ વર્ષના પુત્ર દિલીપ અને ૫૮ વર્ષના ભત્રીજા વિમલને પણ બેંક છેતરપિંડીનો દોષી ઠેરવવામાં આવ્યો હતો અને કોર્ટે તેમને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. ગોસાલિયા સિવાયના તમામ આરોપીઓ કોર્ટમાં હાજર હતા, જેથી તેઓને તાત્કાલિક કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

# દુનિયામાં આજે સેમી કંડક્ટર ચિપ્સની સ્પર્ધા : જયશંકર

રાજકોટ

સેમિકન્ડક્ટર ચિપને ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોનું હૃદય માનવામાં આવે છે. સ્માર્ટફોનથી લઈને કાર, ડેટા સેન્સર્સ, કોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ, સ્માર્ટ ઉપકરણો, વાહનો, ઘરગથ્થુ ઉપકરણો, જીવન રક્ષક ફાર્માસ્યુટિકલ ઉપકરણો, એગ્રી ટેક, એટીએમ અને અન્ય ઘણા ઉત્પાદનોમાં તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. આ જ કારણ છે કે સરકાર દેશમાં ચિપ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માગે છે.



રાજકોટ આવેલા દેશના વિદેશ પ્રધાન એસ. જયશંકરે જણાવ્યું હતું કે, આજે સેમી કંડક્ટર ચિપ્સની સ્પર્ધા ચાલી રહી છે. તાજેતરમાં જ ચિપ્સની ફેક્ટરી ગુજરાતમાં ધોલેરામાં બનશે. ૧૦૪ વિશ્વ વિદ્યાલયના ઈજનેરી કોર્સમાં પરિવર્તન લાવશે. ૫૦ હજાર ઈજનેર સેમી કંડક્ટર ઈન્ડસ્ટ્રીઝમાં હશે.

# આચારસંહિતાના નામે પોલીસના સ્વાંગમાં રૂપિયા ૨.૫૫ લાખની લૂંટ

## વલસાડ એલ.સી.બી. પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા

વલસાડ,

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંભેટી ગામે આચારસંહિતાના નામે નકલી પોલીસના સ્વાંગમાં ૨.૫૫ લાખની લૂંટ કરી આરોપી ફરાર થઈ ગયા હતા. આ કેસમાં ગુનાને અંજામ આપનાર ટોળકીના બે આરોપી પૈકી એક માજી ફૌજીના દીકરાને વલસાડ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડી તેઓ પાસેથી લૂંટના રોકડા રૂ. ૨.૨૦ લાખ કબજે કર્યા હતા. કપરાડા અંભેટી ગામના ખરેડા ફળિયામાં રહેતા મનીષ રણછોડભાઈ પટેલના ઘરે ગત તા. ૨૪.૩.૨૦૨૪ ના રોજ રાત્રે ૯-૧૫ વાગ્યાના સુમારે સ્વીફ્ટ કારમાં આવી પહોંચેલા પાંચ જેટલા ઈસમોએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપીને મનીષને કોલરથી ઝાલી હાલમાં ચૂંટણીનો સમય હોય ૫૦,૦૦૦થી વધારે રૂપિયા ઘરમાં રાખી ન શકાય તેમ કહીને પોલીસ સ્ટેશને લઈ જવાની ધમકી આપી હતી. વધુમાં તેઓએ મનીષ પાસેથી ગામમાંથી ફંડ-ફાળાના ઉઘરાવેલા ૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. જે બાદ તેઓએ મનીષ તથા ત્યાં હાજર નાના વાઘછીપાના સંજય પટેલને કારમાં બેસાડી દઈ કોલક નદીના પુલ પાસે લઈ જઈને, મનીષને છોડવાની અવેજમાં ખંડણી પેટે વધુ રૂપિયાની માંગણી કરીને વધુ રૂ. ૧.૪૦ લાખ પણ પડાવ્યા હતા.

# કાજલ હિન્દુસ્તાનીની મુશ્કેલીમાં વધારો

## મોરબી તાલુકા કોર્ટમાં બદનક્ષીની ફરિયાદ

મોરબી

મોરબીમાં પાટીદાર સમાજની દીકરીઓ પરના નિવેદનને લઈને કાજલ હિંદુસ્થાની સામે બદનક્ષીની ફરિયાદ નોંધાઈ છે. મનોજ પનારાએ કાજલ હિંદુસ્થાની સામે મોરબી તાલુકા કોર્ટમાં બદનક્ષીની ફરિયાદ કરી છે. તો આજે પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓની બેઠક મળશે. જેમાં સમાજનાં સંમેલનને લઈને ચર્ચા કરવામાં આવશે.

પાટીદાર સમાજ અગ્રણી મનોજ પનારાએ જણાવ્યું કે, કાજલ સિગાડા નામની વ્યક્તિએ પાટીદાર સમાજ ઉપર જે પ્રકારના ખોટા આક્ષેપો કર્યા છે. જેઓએ પોતાની ટીઆરપી માટે પાટીદાર સમાજને, પાટીદાર સમાજની દીકરીઓને અને ઉદ્યોગપતિઓને જે રીતે જાહેર સ્ટેજ ઉપરથી બદનામ કર્યા છે. જેના પગલે તેમના વિરૂદ્ધ મોરબી કોર્ટમાં બદનક્ષીનો દાવો રજૂ કર્યો છે તેમજ ક્રિમિનલ દાવો પણ રજૂ કર્યો છે.

# દાહોદમાં ચાંદલાના ૫૦૦૦ રૂપિયા બાબતે ઝઘડો થતાં પતિએ પત્નીની કરી હત્યા

દાહોદ,

૫ હજાર રુપિયા માટે પતિએ કરી પત્નીની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. દાહોદના ડુગરી ગામના ધાટી ફળીયાની આ ઘટના છે. જ્યાં પત્નીનો ભાઈ લગ્નના ચાંદલા નિમિતે ૫ હજાર રુપિયા કેમ નથી આપતો, જેવી સામાન્યા બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને આ ઝઘડામાં ૪ વર્ષના લગ્ન જીવનનો કરુણ અંત આવ્યો હતો. પતિએ ઝગડો ઉગ્ર બનતા તેની પત્ની નિતાબેનના ગળાના ભાગે દોરડુ વીટાળી દઇ હત્યા નિપજાવી હતી અને તે બાદ આરોપી પતિ સંજય ત્યાંથી ફરાર થઈ ગયો હતો. મૃતકના ભાઇની ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી સમગ્ર મામલે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વાત કરીએ તો, ડુગરી ગામના ધાટી ફળીયા રેહતા સંજય નુરજી વગીલા સાથે કચુમબર ગામના નિતાબેન કલાસવાના ચાર વર્ષ અગાઉ લગ્ન થયા હતા. ગઈકાલે સાંજના સમયે મૃતક નિતાબેનના પતિ સંજયએ તેની સાથે તારો ભાઇ વિરેશ ચાંદલાના રુપિયા ૫૦૦૦ કેમ નથી આપતો, તેમ કહી બોલાચાલી કરી હતી. ત્યાર બાદ બન્ને પતિ-પત્ની વચ્ચે ઝગડો ઉગ્ર બનતા સંજયએ ઘરમાં રાખેલા દોરડા વડે નિતાબેનના ગળાના ભાગે વીંટાળી દઇ હત્યા કરી ફરાર થઈ ગયો હતો.

આ અંગે આસપાસમાં રેહતા નિતાબેનના પાડોશી ઘરમાં નિતાબેનને બોલાવા જતા નિતાબેન મૃત હાલતમાં પડેલા જોતા તેમના પીયરમાં ભાઈ વિરેશ જોખના કલાસવાને જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા અને લીમડી પોલીસ મથકે જાણ કરી હતી. ઘટનાને પગલે ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને અકસ્માતે મોતનો ગુનો નોંધી પીએમની કાર્યવાહી હાથ ધરી હતી.

પીએમ દરમિયાન નિતાબેનનું મોત ગળે દોરડા વડે દબાવાથી થયું હોવાનું સામે આવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી અને પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે, પતિ-પત્નીનો ઝઘડો થયો હતો.

# ત્યાગ અને બલીદાન ક્ષત્રિય સમાજનો ઈતિહાસ, રૂપાલાની ટિપ્પણી હૃદય સોંસરવી ઉતરી ગઈ : પૂર્વ સાંસદ રાણા

## ક્ષત્રિય સંમેલનમાં હજ્જારોની સંખ્યામાં ક્ષત્રિય-ક્ષત્રિયાણીઓની ઉપસ્થિતિ : રૂપાલાના નિવેદનને લઈ આક્રમક રોષ ઠાલવાયો, સંકલન સમિતિના નિર્ણય મુજબ આંદોલનની રણનીતિ ઘડવા સર્વાનુમતે નિર્ણય લેવાયો



ભાવનગર, તા.૩

ભાજપના રાજકોટના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાની ક્ષત્રિય સમાજ વિશેની ટીપ્પણી બાદ આગ ભડકી છે અને મહાસંમેલન પૂર્વે તેનું ટ્રેલર ભાવનગરમાં મંગળવારે સાંજે જોવા મળ્યું હતું. ગોહિલવાડ ક્ષત્રિય રાજપૂત સમાજના નેજા તળે મળેલા સંમેલનમાં ક્ષત્રિય આગેવાનો અને મહિલાઓએ રૂપાલાના નિવેદનને સખત શબ્દોમાં વખોડી અને તેની ટીકીટ રદ્દ થાય તે માટે ભારપૂર્વકની માંગણી ઉચ્ચારી હતી. આ સંમેલનમાં ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણાએ રૂપાલાની ટીપ્પણી હૃદય સોસરવી ઉતરી ગઈ હોવાનું જણાવી નારાજગી વ્યક્ત કરી હતી.

શહેરના નવાપરા રાજપૂત છાત્રાલય ખાતે યોજાયેલા સંમેલનમાં પ્રમુખ વાસુદેવસિંહ ગોહિલ સહિતના ક્ષત્રિય સમાજના આગેવાનો, વડીલો, યુવાનો અને બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં પૂર્વ સાંસદ રાણાએ જણાવ્યું હતું કે, રાજપૂત સમાજ, ક્ષત્રિય સમાજ પરાપૂર્વથી આ દેશની પરંપરા, ઈતિહાસ અને સંસ્કૃતિનો રખેવાળ રહ્યો છે, આજે પણ છે અને આગામી સમયમાં પણ રહેવાનો છે. ક્ષત્રિય સમાજને આ ઈશ્વરદત્ત મળેલી જવાબદારી છે. સમાજ માટે ત્યાગ અને બલિદાનનો ક્ષત્રિય સમાજનો ઈતિહાસ છે. હંમેશા સમાજના તમામ વર્ગના લોકોને સાથે રાખીને રાજપૂત સમાજ ચાલ્યો છે ત્યારે ક્ષત્રિય સમાજની આન, બાન અને શાન સમાન માતૃશક્તિ અંગે પરસોત્તમ રૂપાલાએ જે ટીપ્પણી કરી છે તેનાથી લાગણી દુભાઈ છે, એક પાર્ટીમાં હોવાના કારણે પરસોત્તમ રૂપાલા સાથે તેમનો મિત્રાચારીનો સંબંધ છેલ્લા પચ્ચીસેક વર્ષથી છે. તેમના નિવેદનથી તેઓ ખુદ આશ્ચર્યચકિત હોવાનું કટાક્ષ સાથે જણાવ્યું હતું. આ લડતમાં આગળની પરિસ્થિતિનું આકલન કરીને સંકલન સમિતિ જે નિર્ણય લેશે તે બધાને મંજૂર રહેશે. તેમ અંતમાં જણાવ્યું હતું.

આ ઉપરાંત, ક્ષત્રિય સમાજના આગેવાનો, હોદેદારો અને મહિલાઓ દ્વારા પણ રૂપાલાના નિવેદનની ભારોભાર ટિકા કરવામાં આવી હતી. અને આક્રોશભેર રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ક્ષત્રિય સમાજના આ સંમેલન બાદ સંમેલન સ્થળેથી વિશાળ રેલી નિકળી હતી અને કલેક્ટર કચેરીએ જઈ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

### રૂપાલાની ટિકિટ કેન્સલ નહીં થાય તો બળીને ભષ્મ થઈ જઈશ



સંમેલનમાં અસ્મિતાબા પરમાર નામના મહિલાએ ચીમકી ઉચ્ચારતા કહ્યું હતું કે, 'રૂપાલાની ટિકિટ કેન્સલ નહીં થાય તો હું રૂપાલાના ઘરની સામે બળીને ભષ્મ થઈ જઈશ.' તેમણે કહ્યું હતું કે, હું છ દિવસથી ઘરેથી નીકળી ગઈ છું અને ન્યાય મેળવીને જ ઝંપીશ !

# અભૂતપૂર્વ સિદ્ધિ : ભાવનગર રેલવે ડિવિઝનને રાજસ્વની રૂપિયા ૧૨૬૮ કરોડની આવક

## યાત્રીકોને સુવિધા આપવા સાથે રેલવેની આવક વધારવામાં પણ મહત્વનું યોગદાન આપતું ભાવનગર ડિવીઝન




ભાવનગર, તા.૩

વેસ્ટર્ન રેલવેનું ભાવનગર ડિવિઝન મુસાફરોને સુવિધા આપવા સાથે રેલવેની આવક વધારવામાં પણ મહત્વનું યોગદાન આપી રહ્યું છે. આ દિશામાં સતત પ્રયાસો ચાલુ રાખીને ભાવનગર મંડળે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન માલવાહક વાહનવ્યવહાર, પેસેન્જર પરિવહન સેવા અને અન્ય કોચિંગ આવક સહિત રેલવેની આવક તરીકે રૂ. ૧૨૬૮.૭૦ કરોડ એકત્ર કરવાનું ગૌરવ મેળવ્યું છે.

ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમારના ઊર્જાવાન અને કુશલ નેતૃત્વ અને ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર માશૂક અહમદ અને તેમની ટીમના સતત પ્રયાસોને કારણે આ ઉત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. આંકડાકીય માહિતી અનુસાર, ભાવનગર ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રૂ. ૧૨૬૮.૭૦ કરોડની રેલ્વે આવક હાંસલ કરી છે. જે પાછલા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના રૂ. ૧૧૫૦.૪૦ કરોડ કરતાં ૧૦.૩૦% વધુ છે.

આ વર્ષે નૂર પરિવહનમાંથી રૂ. ૯૮૪.૨૧ કરોડ મળ્યા છે જ્યારે ગયા વર્ષે રૂ. ૯૧૭.૫૯ કરોડ મળ્યા હતા. આ વર્ષે પેસેન્જર ટ્રાન્સપોર્ટમાંથી રૂ. ૨૫૫.૪૩ કરોડ મળ્યા છે જ્યારે ગયા વર્ષે રૂ. ૨૧૦.૦૬ કરોડ મળ્યા હતા. આ વર્ષે, અન્ય કોચિંગ આવક (જેમ કે ટિકિટ ચેકિંગ, પાર્સલ, લગેજ, કેટરિંગ, પાર્કિંગ વગેરે)માંથી રૂ. ૨૯.૦૫ કરોડ પ્રાપ્ત થયા છે જ્યારે ગયા વર્ષે રૂ. ૨૨.૭૫ કરોડ મળ્યા હતા. આમ, ભાવનગર મંડળે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં તમામ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

# નાગરિક સહકારી બેંકે નાણાંકીય વર્ષના અંતે ઐતિહાસિક નફો કર્યો

## ત્રણ માસમાં ડિપોઝિટમાં રૂ.૨.૮૪ કરોડ વધ્યા, આગામી વર્ષનો વિકાસનો રોડ મેપ તૈયાર કરાયો

ભાવનગર,તા.૩

નાણાકીય વર્ષ પૂર્ણ થતા ભાજપ શાસિત ભાવનગર નાગરિક સહકારી બેંકની કુલ ડિપોઝીટ રૂ. ૧૬૫.૧૫ કરોડ, કુલ ધિરાણ ૧૦૮.૮૭ કરોડ મળીને કુલ બીઝનેસ ૨૭૪ કરોડે પહોંચી ગયેલ છે તથા એન.પી.એ.માં રીકવરી કમીટીના ચેરમેન ધર્મેન્દ્રભાઈ મહેતા તથા સમગ્ર સ્ટાફના સહિયારા પ્રયત્નોથી ૯.૩૨% થી ઘટીને ૪.૧૦% એન.પી.એ. થતાં ૫.૨૨% નો ઐતિહાસિક ઘટાડો એન.પી.એ.માં થયેલ છે. જે બેંકનું સધ્ધર ધિરાણ સૂચવે છે.

ડિપોઝીટ વધારવાના ફળ સ્વરૂપે તા.૩૧.૧૨.૨૦૨૩ થી તા.૩૧.૦૩.૨૦૨૪ ના સમય દરમ્યાન ૨.૮૪ કરોડનો વધારો થયેલ છે. ધિરાણમાં વર્ષ દરમ્યાન ૯.૩૧ કરોડનો વધારો થયેલ છે. બેંકનો ચેરમેન પ્રભાતસિંહ ગોહિલ, વાઈસ ચેરમેન સુરેશભાઈ ધાંધલીયા, મેનેજીંગ ડિરેક્ટર ગીરીશભાઈ શાહ તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા આગામી વર્ષમાં બેંકનાં વિકાસનો રોડમેપ તૈયાર કરેલ છે. જેના ટુંક જ સમયમાં ગ્રાહક સભ્ય આકર્ષક ભેટ, બેંકની નવી ત્રણ શાખા ખોલવા, ગંગાજળીયા શાખાનું આધુનિકરણ કરવું, આધુનિક ટેકનોલોજી લાવી વધુ સારી ગ્રાહક સેવા પુરી પાડવા કટીબધ્ધ છે. તેમ જણાવાયું હતું.

# અલ્ટ્રાટેક સિમેન્ટની થેલીમાં નકલી સિમેન્ટ ભરી વેચાણ કરવાનું કૌભાંડ પકડાયુ

## ધારડી ગામમાં ચાલતા કૌભાંડનો પર્દાફાશ કરાયો, અલંગ પોલીસ મથકમાં બે શખસો સામે ગુનો દાખલ

ભાવનગર, તા.૩

અલ્ટ્રાટેક સિમેન્ટની ઓરીજનલ થેલીમાં નકલી સિમેન્ટ ભરી અલ્ટ્રાટેક કંપનીની સિમેન્ટ હોવાનું જણાવી ગ્રાહકો સાથે છેતરપિંડી કરવાના બનાવમાં સંડોવાયેલા બે આરોપી સામે અલંગ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ટોર્ક ડિટેક્ટીવ કંપનીના ફિલ્ડ ઓફિસર નીતીન ઠાકરે અલંગ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નીતીરાજસિંહ મેરૂભા ગોહીલ અને હરપાલસિંહ જીતેન્દ્રસિંહ ગોહીલ (રહે.નેસીયા)ના નામ જણાવ્યા છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે બાતમી મળી હતી કે, ભાવનગર મહુવા હાઈવે પર ધારડી ગામમાં કૈલાસ આશ્રમ, કામધેનું ગૌશાળાની પાછળના ભાગે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીની થેલીમાં હલકી ગુણવત્તાની સિમેન્ટ ભરીને તેનું વેંચાણ અલ્ટ્રાટેક સિમેન્ટના નામે કરવામાં આવી રહ્યું છે.

આ બાતમીના આધારે તપાસ કરવામાં આવતાં ઘટના સ્થળેથી ૧૮,૫૨૫ની કિંમતનો સિમેન્ટનો નકલી મુદ્દામાલ મળી આવ્યો હતો. આ બનાવ અંગે અલંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે બન્ને આરોપી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, અલ્ટ્રાટેક કંપનીનો ટોર્ક ડિટેક્ટીવ કંપની સાથે કરાર થયેલો છે અને ડિટેક્ટીવ કંપની દ્વારા આ પ્રકારના બનાવમાં તપાસ કરી છેતરપિંડી તેમજ કોપીરાઈટ સહિતની કલમ હેઠલ ફરિયાદ નોંધાવવામાં આવતી હોય છે. બ્રાન્ડેડ કંપનીઓમાં ડુપ્લીકેટ વેચાણની ઘટનાઓ વારંવાર સપાટી પર આવતુ હોય છે ત્યારે આ કંપનીઓ દ્વારા એજન્સીઓ મારફતે નજર રાખવામાં આવતી હોય છે. ત્યારે ગ્રાહકોએ પણ અધિકૃત વિક્રેતાઓ પાસેથી જીએસટી ભરેલુ બીલ લઈને જ વસ્તુની ખરીદી કરવી જોઈએ.

# બુધેલમા ગાળ કોને આપે છે? તેમ પુછતા યુવક ઉપર છરીથી હુમલો

## સામા પક્ષે પણ છરીથી હુમલો કરતા સામસામી પોલીસ ફરિયાદ

ભાવનગર, તા.૩

બુધેલ ખાતે સોમવારે રાત્રીના સમયે ગાળો કોને આપે છે તેમ પુછતા એક શખ્સે છરીથી હુમલો કરી ગળાના ભાગે ઈંજા પહોંચાડી હતી. તો સામા પક્ષે પણ છરીથી હુમલો કરતા પોલીસે બન્ને પક્ષે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બુધેલ ખાતે રહેતા જયપાલસિંહ પરમારે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચંન્દ્રસિંહ જાડેજા,ગિરીરાજસિંહ ગોહીલ, દિવ્યરાજસિંહ ગોહીલ. દીગુ ગોહીલ અને રાજદિપસિંહ ગોહીલના નામો જણાવ્યા છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદી ફોન પર વાત કરતા હતા તે સમયે આરોપી ચંન્દ્રસિંહે ગાળો કોને આપે છે ? તેમ કહી માથાકુટ કર્યા બાદ છરીથી હુમલો કરી ફરિયાદીને ગળાના ભાગે ઈંજા પહોંચાડી હતી.બનાવમાં અન્ય આરોપીઓએ મદદગારી કરી હતી. જયારે સામા પક્ષે ચંન્દ્રસિંહ જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જયપાલસિંહ પરમારનું નામ જણાવ્યું છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આરોપી ફોન પર જોરજોરથી ગાળો બોલતો હતો એટલે ફરિયાદીએ ગાળો કોને આપે છે ? તેમ પુછતા આરોપીએ તને આપુ છુ બોલ શુ છે? તેમ કહી છરીથી હુમલો કરતાં ફરિયાદીને હાથના ભાગે ઈંજા પહોંચી હતી. પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# આદિનાથ ભગવાનના જન્મ અને દિક્ષા કલ્યાણકની જૈન સમાજ દ્વારા ઉજવણી

## આદિશ્વર ભગવાનને ઈક્ષુરસથી પક્ષાલ કરાઈ, વર્ષિતપના થયા મંડાણ

ભાવનગર, તા.૩

જૈન તિર્થ પાલિતાણા ખાતે પ્રથમ તિર્થંકર આદિનાથ ભગવાન જન્મ અને દિક્ષા કલ્યાણકની ઉજવણી કરાવામાં આવી હતી. પ્રભુજીને ભાવે ભજીને અણમોલ શણગાર (આંગી) કરવામાં આવી હતી.ભાવનગર શહેરમાં કલેકટર ઓફીસ સામે આવેલ નવીન હાઉસમાં પાલીતાણાની રચના બનાવવામાં આવી છે. જૈનોના પ્રથમ તિર્થંકર આદિનાથદાદા જન્મ-દિક્ષાકલ્યાણકની ઉજવણીં કરવામાં આવી હતી. આ પ્રસંગે આદિનાથ ભગવાનનો અભિષેક કરવા શ્રધ્ધાળુઓ ઉમટી પડયા હતા.

આ પ્રસંગે વર્ષીતપના તપસ્વીઓ અને શ્રધ્ધાળુઓ દ્વારા આદિનાથ ભગવાનને ઈક્ષુરસથી પક્ષાલ કરવામાં આવી હતી. તેમજ ગોળબજાર ખાતે આવેલ આદિનાથ મંડન આદિશ્વર દાદાનો અભિષેક સહિતના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. પ્રભુજીને ભવ્યતાથી ભવ્ય અંગ રચના કરવામાં આવી હતી.

જિન શાસનમાં અનેક પ્રકારના તપ થાય છે. જેમા વર્ષીતપનુ અનેરૂ સ્થાન છે. પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથે દિક્ષા પછી સળંગ ૪૦૦ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. તેના મહાન આલંબને અસંખ્ય વર્ષો પછી આજ સુધી તપશ્ચર્યાની પરાંપરા ચાલુ છે. ફાગણ શુદ ૮ના દિવસે ભારતભરમાં વર્ષીતપનો પ્રારંભ થયો હતો. વર્ષીતપની બાહ્ય તપમા ગણના થાય છે. વર્ષીતપએ ૪૦૦ દિવસ સુધી કરવામાં આવતું વિશિષ્ઠ તપ છે. ભારતભરમાં વર્ષીતપમાં જોડાયેલ તપસ્વીઓએ ગુરૂ ભગવંતોના મુખેથી આજે તપના પચ્ચખાણ અંગીકાર કરી મંડાણ કર્યા હતાં.

# યુનિ. દ્વારા બાહ્ય અભ્યાસક્રમમાં આજથી પ્રવેશ

## તા.૯ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે : બી એ, બી.કોમ તથા એમ.કોમમા પ્રવેશ અપાશે

ભાવનગર, તા.૩

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના બાહ્ય અભ્યાસક્રમ વિભાગ એક્સટર્નલના વર્ષ ૨૦૨૩-૨૪ની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી માટે વેબસાઈટ www.mkbhavuni.edu.in પર સ્પાન પિરિયડમાં પ્રવેશની કાર્યવાહી આજે તા.૩ થી ૯ એપ્રિલ દરમિયાન શરૂ રહેશે. જેમાં બી એ, બી કોમ તથા એમ.એમ.કોમના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં પ્રથમ વર્ષમાં નવો પ્રવેશ મેળવ્યો હોય અને અભ્યાસ સ્પાન પિરિયડ પૂર્ણ થયો હોય તેવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી પ્રવેશની તક આપવામાં આવી છે.

આ માટે સ્પાન પિરિયડ પ્રવેશ રૂ.૩,૦૦૦ રહેશે વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ અને ફી પહોંચની નકલ પોતાની પાસે સાચવીને રાખવી તેમજ ફોર્મ વેરિફિકેશન માટે રૂબરૂ આવવાનું રહેશે નહીં. ડબલ ગ્રેજ્યુએટ તેમજ અન્ય કોલેજ કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જેવો એસ.વાય. અને ટી.વાય. બી.એ. કે બી.કોમ. કરવા ઈચ્છતા હોય તેવો માટે ૧૫ એપ્રિલથી ૧૯ એપ્રિલ દરમિયાન પ્રવેશ મેળવવાનો રહેશે.વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મમાં દર્શાવેલી તારીખ મુજબ જરૂરી આધાર પુરાવાની ઝેરોક્ષ નકલ સાથે પ્રવેશ ફોર્મ તેમજ ફી પહોંચ જમા કરાવવાની રહેશે તથા ઓરિજનલ સર્ટિફિકેટ સાથે લાવવાના રહેશે. ડબલ ગ્રેજ્યુએટ માટે પ્રવેશ રૂ.૩,૫૦૦ રહેશે તો અન્ય કોલેજ કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની પ્રવેશથી રૂ. ૨,૭૫૦ રહેશે.

પ્રવેશ ફી ઓનલાઈન એટીએમ કે નેટ બેંક્કિંગથી ભરવાની રહેશે વધુ માહિતી માટે ભાવનગર ખાતેના યુનિવર્સિટીના નવા કાર્યાલય બિલ્ડીંગ પાસે આવેલા બાહ્ય અભ્યાસ ક્રમ વિભાગમાં સંપર્ક કરવા જણાવાયું છે.

# ઘોઘાના વતની ચિફ એન્જીનિયર- અધિક સચિવ યોગેશ ચાવડાને અપાયેલું નિવૃત્તિ વિદાયમાન

## ભાવ. જિલ્લા પંચાયતમાં મદદનીશ ઈજનેરથી કારકિર્દી શરૂ કરી મુખ્ય ઈજનેર-અધિક સચિવ તરીકે થયા નિવૃત્ત

ઘોઘા, તા.૩

ઘોઘા ગામનું ગૌરવ વધારનાર રાજ્યના માર્ગ અને મકાન વિભાગના ચિફ એન્જીનિયર અને અધિક સચિવ યોગેશ ચાવડા વય મર્યાદા સબબ નિવૃત થતા તેમનો લાગણી સભર વિદાયમાન અપાયુ હતું. ઘોઘા ગામમાં પા પા પગલી માંડીને અત્યંત સામાન્ય પરીવારમાં ઉછરી અભ્યાસ કરી ડિપ્લોમા સિવિલ એન્જિનિયર થઈ જીલ્લા પંચાયત ભાવનગરમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે પોતાની કારકીર્દી શરુ કર્યા પછી બીઈ કરી ડાયરેક્ટ ભરતીમાં પરીક્ષા પાસ કરી નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે વેરાવળ નિમણુંક મેળવી હતી. પછી અનુક્રમે અમરેલી અને અમદાવાદ કા.પા.ઈ. તરીકે ફરજ બજાવી



અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મેળવી રાજકોટ સૌરાષ્ટ્ર ઝોનમાં નિમણુંક મેળવેલ.

ત્યારબાદ મુખ્ય ઈજનેર તરીકે ગાંધીનગર નિમણુંક થઈ અને છેલ્લે મુખ્ય ઈજનેર અને અધિક સચિવ તરીકે સમસ્ત સૌરાષ્ટ્ર ઝોનમાં ફરજ બજાવી ગઈ કાલ તારીખ ૩૧ મી માર્ચે પૂરા ૩૯ વર્ષ ફરજ બજાવી વય મર્યાદા સબબ નિવૃત થયેલ છે. જેમનો લાગણી સભર વિદાય સમારંભ ગઈ કાલે અમદાવાદનાં સિંધુભવન રોડ ઉપર આવેલ હોટલ કોર્ટયાર્ડ મેરિયોટ ખાતે યોજવામાં આવેલ.

નિવૃત થતા ચિફ એન્જીનિયર અને અધિક સચિવ યોગેશ ચાવડા ની પુત્રી ડૉ.વૃત્તિ (એમ . ડી . સ્કિન ) એ પણ તેના પપ્પાની વિશેષ ખાસિયતો વર્ણવી ઉપસ્થિત માર્ગ અને મકાન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની તાળીઓના ગડગડાટ વચ્ચે વક્તવ્ય આપેલ. જ્યારે નિવૃત થતા મુખ્ય ઈજનેર અને અધિક સચિવ યોગેશ ચાવડાએ પોતાના આર્થિક રીતે પરીવારની નબળી પરિસ્થિતિ તેમજ અભ્યાસકાળથી લઈને માર્ગ અને મકાનના ઉચ્ચ અધિકારી થવા સુધીની સફર સુંદર રીતે વર્ણવી સમગ્ર કર્મચારી ગણનાં સહકારમય વલણ બદલ ભાવુકતા સભર શબ્દોમાં આભાર ની લાગણીઓ વ્યક્ત કરી હતી

આ નિવૃતિ સમારંભમાં રાજ્યના મુખ્ય સચિવ એ. કે .પટેલ, મુખ્ય ઈજનેર પટેલિયા, અધિક્ષાક ઈજનેર શીલુ ત્થા ઈજનેર પાવાગઢી ઉપરાંત કાર્યપાલક ઈજનેરો, નાયબ કાર્યપાલક ઈજનેરો, કોન્ટ્રાક્ટર એજન્સીના માલિકો અને તમામ કચેરીનાં સ્ટાફ કર્મચારીઓ અને પરીવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સબકેરામ ઓન ઈન્સ્ટાગ્રામ કાવ્યરચના સ્પર્ધામાં સણોસરાના આધ્યાપક પ્રથમ ક્રમે થયા વિજેતા



સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ ઉપર રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષ્યમાં ભારતીય જનતા પાર્ટીના સાંસ્કૃતિક સેલ દ્વારા યોજાયેલ "સબકે રામ ઓન ઈન્સ્ટાગ્રામ" સપ્તરંગી કળા પ્રતિયોગિતામાં સમગ્ર ગુજરાત રાજયમાંથી ઈન્સ્ટાગ્રામ ઉપર મૌલિક કાવ્ય રચના પઠન સ્પર્ધામાં લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ, સણોસરાના અધ્યાપક કવિ વિશાલ જોષી "સ્નેહ"ની ગીત રચના "મહેર કરી મારા રામે" પ્રથમ ક્રમે વિજેતા જાહેર થઈ હતી. તા.૨૭/૦૩/૨૦૨૪, વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે કમલમ, ગાંધીનગરમાં યોજાયેલ ટ્રોફી અને પ્રમાણપત્ર તથા વિજેતા કલાકૃતિઓના રજૂઆત સાથેના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની ઉપસ્થિતમાં સંગઠન મંત્રી રત્નાકરજી દ્વારા કવિ વિશાલભાઈ જોશીનું સન્માન કરાયું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## પોર્ટલેન્ડ ડેવલોપમેન્ટમાં ગુજરાત પાયોનીયર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી પ્રયાસોથી દેશમાં પોર્ટ્સથી પ્રોસ્પેરીટીનો નવો ઇતિહાસ રચાયો છે ગુજરાત પણ તેમાં "પ્રોટ્ર્સ ફોર પ્રોસ્પેરીટી અને પોટ્ર્સ ફોર પ્રોગ્રેસ''નાં વિઝનથી આગળ વધીને યોગદાન આપવા પ્રતિબદ્ધ છે. તેમજ બે દાયકામાં ગુજરાત પોર્ટલેડ ડેવલપમેન્ટનું પાયોનિયર બન્યું છે અને પોર્ટ-લેડ સિટી ડેવલપમેન્ટના રોલ મોડેલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થયું છે.

ગુજરાત દેશમાં સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટર દરિયાકિનારો ધરાવે છે. વડાપ્રધાને ગુજરાતની આ સ્ટ્રેટેજિક કોસ્ટ લાઈનને દેશની સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બનાવવાની નેમ સાકાર કરી છે. પોટ્ર્સની કેપેસિટી વધારવાની દિશામાં પોર્ટ સિટી અને ગ્રીન ફિલ્ડ પોટ્ર્સ વિકસાવવાની સાથે રાજ્ય સરકાર હાલનાં પોટ્ર્સનું એક્સ્પાન્શન અને અપગ્રેડેશન કરવાની દિશામાં પણ કામ કરી રહી છે

ગુજરાતમાં મેજર- માઇનોર મળીને દેશમાં સૌથી વધુ ૪૯ પોટ્ર્સ છે. દેશના લગભગ ૩૯ ટકા જેટલા કાર્ગોનું ગુજરાતના બંદરો પરથી વહન થાય છે. પોટ્ર્સ સુધીની સુદ્રઢ રોડ કનેક્ટિવીટી અને માળખાકીય વિકાસના પરિણામે ગુજરાત લોજિસ્ટિક્સ ઈઝ એક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ- લિડ્ઝઇન્ડેક્સમાં અગ્રેસર છે તેની ભૂમિકા આપી હતી.

ગુજરાત દેશમાં પાંચમું સૌથી વધુ શહેરી ગીચતા ધરાવતું રાજ્ય છે અને શહેરીકરણનાં ક્ષેત્રમાં અનેક બેન્ચમાર્ક પ્રસ્થાપિત કર્યા છે. પોર્ટ લેડ સિટી ડેવલપમેન્ટ દ્વારા બંદરોની નજીકનાં શહેરોમાં સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસથી વાયબ્રન્ટ ઇકોનોમી ધરાવતાં શહેરોનો વિકાસ થાય તે દિશામાં આપણે આયોજનબદ્ધ રીતે આગળ વધી રહ્યા છીએ.વડાપ્રધાને બ્લૂ ઇકોનોમીને પ્રાધાન્ય આપ્યું છે અને અમૃતકાળની આ પહેલી વાયબ્રન્ટ સમિટના આ સેમિનારની ચર્ચાઓ ગુજરાત સહિત દેશની બ્લૂ ઇકોનોમીને વેગ આપવામાં ફળદાયી પુરવાર થશે, તેમજ સમુદ્રી સમૃદ્ધિથી દેશને વૈશ્વિક સમૃદ્ધિ તરફ લઈ જવાનો રોડમેપ તય કરવામાં અગત્યનો ભાગ ભજવશે. બંદર, શિપિંગ અને જળમાર્ગ વિભાગના મંત્રી સર્બાનંદ સોનોવાલે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સરાહના કરતાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાનમંત્રી દ્વારા ૨૦૦૩માં શરૂ કરાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે ભારતના વિકાસનું વટવૃક્ષ બન્યું છે. વડાપ્રધાનના વિઝનથી ભારત વિકાસના પંથે અગ્રેસર થઈ રહ્યું છે. ૨૦૪૭માં ભારત ૩૦ ટ્રીલીયન ડોલર ઈકોનોમિના સપનામાં ગુજરાતનો સિંહ ફાળો રહેશે. ગુજરાતે દરેક ક્ષેત્રમાંસમાન્તર વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. ભારત સુપર પાવર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતુ.

આઈએનએસ વિક્રમ જહાજ વિશે પ્રકાશ પાડતા સોનોવાલે કહ્યું કે, કંડલા સ્થિત દીનદયાળ પોર્ટના કન્ટેનર ટર્મિનલ વિકાસ માં ૪૫૦૦થી વધુ કરોડના વિકાસ કાર્યો થઈ રહ્યા છે. દિનદયાળ પોર્ટમાં ગ્રીન હાઈડ્રોજન પાર્ક વિકાસના પંથે છે. કંડલા અને તુતીકોરીન પોર્ટનો ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે વિકાસ કરવામાં આવશે. દેશના મેરિટાઈમ સેક્ટરનો સાતત્યપૂણ વિકાસ આણવામાં ખૂબ મદદરૂપ થશે.

નેધરલેન્ડના રાજદૂત એચ.ઈ. સુશ્રી મારીસા ગેરાડ્સ એ નેધરલેન્ડ અને ભારત-ગુજરાતને નેચરલ પાટનર્સ ગણાવ્યું હતું. નેમણે નેધરલેન્ડ અને ગુજરાત પાસે વિશાળ દરિયા કિનારો છે.

# દેશના એવા સાંસદ જેમને બે વખત મોતની સજા સંભળાવાઇ હતી!

### જાપાનીઓનો આદેશ માનવાની ના પાડી અને જાપાની સેનાએ તેમને જેલ ભેગા કરી દીધા હતા

કરંટ ટોપિક

પહેલા તબક્કાનું મતદાન ૧૯મી એપ્રિલથી શરૂ થશે. ત્યારે તમામ રાજકીય પક્ષો ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયા છે. દેશની પહેલી લોકસભા ચૂંટણી સાથે જોડાયેલો એક રસપ્રદ કિસ્સો બીજા વિશ્વ યુદ્ધમાં ભાગ લેનાર જોન રિચર્ડસનનો છે. તેમને બે વખત ફાંસીની સજા સંભળાવાઈ હતી. છતાં તેમણે સ્વતંત્ર આંદામાનના પહેલા સાંસદ તરીકે ચૂંટાયા હતા.

કાર નિકોબારી પરિવારમાં જન્મેલા જોન રિચર્ડસનનું સાચું નામ 'હા ચેવ કા' હતું. બર્મામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી, જોન રિચર્ડસન રંગૂનમાં પહેલા એંગ્લિકન પાદરી બન્યા. પરંતુ થોડા સમય પછી તે નિકોબાર પાછા ફર્યા અને ૧૯૧૨માં શિક્ષક તરીકે ભણાવવાનું શરૂ કર્યું. જોન રિચર્ડસનના લગ્ન ૧૯૧૩માં થયા હતા. ૧૯૨૦માં તેમને બંદરોના સંરક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ૧૯૨૫થી ૧૯૪૫ સુધી જોન રિચર્ડસન નિકોબાર ટાપુ પર જ એક અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

જોન રિચર્ડસનના જીવનનો સાચો સંઘર્ષ બીજા વિશ્વ યુદ્ધમાં શરૂ થયો હતો, જ્યારે જાપાની સેનાએ નિકોબાર ટાપુ પર કબજો કર્યો. પહેલા જાપાનીઓએ જોન રિચર્ડસને નિકોબારનો વડા બનાવ્યો હતા, પરંતુ થોડા સમય પછી જોન રિચર્ડસને જાપાનીઓનો આદેશ માનવાની ના પાડી અને જાપાની સેનાએ તેમને જેલ ભેગા કરી દીધા હતા. આટલું જ નહીં, જાપાની સૈનિકોએ જોન રિચર્ડસનના બંને પુત્રોની હત્યા કરી નાખી હતી અને જોન રિચર્ડસને એક નહીં પરંતુ બે વાર ફાંસીની સજા સંભળાવી હતી.

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાનની સરકારે જોન રિચર્ડસને બે વાર મૃત્યુદંડની સજા ફટકારી હતી, પરંતુ તેમને ફાંસી આપવામાં આવી ન હતી. જ્યારે પહેલીવાર ફાંસીનો આદેશ આપવામાં આવ્યો હતો, ત્યારે નિકોબેરવાસીઓએ વિદ્રોહની ચીમકી ઉચ્ચારી હતી. આવી સ્થિતિમાં બળવાના ડરથી જોન રિચર્ડસનની ફાંસી મોકૂફ રાખવામાં આવી હતી. જ્યારે જોન રિચર્ડસને ફરીથી મૃત્યુદંડની સજા મળી, ત્યારે તેને ફાંસી આપવામાં આવે તે પહેલાં વિશ્વ યુદ્ધ સમાપ્ત થઈ ગયું હતું.

વિશ્વ યુદ્ધ સમાપ્ત થયા બાદ એક તરફ જાપાની સેના આંદામાનમાંથી પીછેહઠ કરવા લાગી તો બીજી તરફ અંગ્રેજોએ પણ ભારત છોડવાનો નિર્ણય લીધો. હવે દેશ આઝાદ હતો. વર્ષ ૧૯૫૦માં બંધારણના અમલ પછી દેશમાં પહેલી લોકસભાની ચૂંટણીઓ શરૂ થઈ અને



રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે જોન રિચર્ડસને આંદામાન અને નિકોબાર ટાપુના સાંસદ તરીકે નિયુક્ત કર્યા હતા. આ રીતે જોન રિચર્ડસન દેશની પહેલી લોકસભાનો ભાગ બનનાર એકમાત્ર એંગ્લિકન બિશપ હતા.

૧૫મી જાન્યુઆરી ૧૯૫૦માં જોન રિચર્ડસન આંદામાન અને નિકોબાર ટાપુઓના બિશપ બન્યા. તે વર્ષ ૧૯૭૭ સુધી બિશપના પદ પર રહ્યા. જોન રિચર્ડસને બાઈબલનું નિકોબારી ભાષામાં ભાષાંતર કર્યું, જે વર્ષ ૧૯૭૦માં પ્રકાશિત થયું હતું. વર્ષ ૧૯૭૫માં ભારત સરકારે જોન રિચર્ડસને દેશના સર્વોચ્ચ સન્માનમાંના એક પદ્મ વિભૂષણથી નવાજ્યા હતી. ત્રીજી જૂન ૧૯૭૮માં જોન રિચર્ડસને દુનિયાને હંમેશ માટે અલવિદા કહ્યું હતું.

વર્ષ ૧૯૬૭માં આંદામાન અને નિકોબાર ટાપુમાં પહેલીવાર લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. આ લોકસભા બેઠક પર શરૂઆતથી જ કોંગ્રેસનો દબદબો રહ્યો છે. રાજકીય આંકડાઓ પર નજર કરીએ તો ૧૯૬૭થી ૧૯૯૯ સુધી કોંગ્રેસનું અહીં સતત શાસન રહ્યું છે. કોંગ્રેસના મનરંજન ભક્ત લાંબા સમયથી અહીંથી સાંસદ છે. મનોરંજન ભક્ત કોંગ્રેસની ટિકિટ પર લોકસભાની ચૂંટણીમાં આઠ વખત આ બેઠક જીતી ચૂક્યા છે. આંદામાન અને નિકોબાર ટાપુઓમાં અત્યાર સુધીમાં ૧૪ લોકસભા ચૂંટણી થઈ છે, જેમાંથી કોંગ્રેસ ૧૧ વખત જીતી છે. વર્ષ ૧૯૬૭ પહેલા અહીં સાંસદ ચૂંટાતા ન હતા. આ લોકસભા બેઠક પરના સાંસદની નિમણૂક સીધી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી હતી.

### આંદામાન અને નિકોબાર ટાપુનો ઈતિહાસ

આંદામાન અને નિકોબાર ટાપુઓ ભારતના દક્ષિણ-પૂર્વ કિનારે સ્થિત છે. અહીંનો ઈતિહાસ ઘણો જૂનો છે અને તે વિવિધ રાજકીય, સાંસ્કૃતિક અને ઐતિહાસિક ઘટનાઓનો સંગમ છે. અહીંની આદિવાસી જાતિઓ, જેમ કે ઓંગે અને જારાવાની પ્રદેશના ઈતિહાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અહીંની રાજધાની પોર્ટ બ્લેયર છે. આંદામાન અને નિકોબાર કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી એક, હિંદ મહાસાગરમાં સ્થિત છે. આ દ્વીપસમૂહની પશ્ચિમમાં બંગાળની ખાડી છે જ્યારે પૂર્વમાં આંદામાન સમુદ્ર આવેલો છે.

# દુનિયાની સૌથી મોટી ૧૦ જેલોની યાદીમાં પાંચમા નંબરે છે ભારતની તિહાર જેલ

### તિહાર જેલ કેમ્પસ ૪૦૦ એકરમાં છે અને કુલ કેદીઓની સંખ્યા ૧૯,૫૦૦ છે

મોટાભાગના દેશોમાં જેલને સુધારક તરીકે જોવામાં આવે છે જ્યારે ઘણા દેશોની જેલો ગેંગ વોર માટે પણ કુખ્યાત રહી છે. દુનિયાની ૧૦ સૌથી મોટી જેલોની વાત કરીએ તો ફાઈનાન્સ યાહૂના રિપોર્ટ અનુસાર ફિલિપાઈન્સની ન્યૂ બિલીબિડ જેલ પહેલા નંબર પર છે. આમાં કુલ કેદીઓની સંખ્યા ૨૮,૫૦૦ છે. આ જેલ ૧૯૪૦માં ફિલિપાઈન્સના મુંટિનલુપામાં બનાવવામાં આવી હતી. વિશ્વની બીજી સૌથી મોટી જેલ તુર્કીની સિલિવરી જેલ છે. અહી કુલ કેદીઓની સંખ્યા ૨૨,૦૦૦ છે. અદ્યતન જેલની રચનાઓ સાથે, સિલિવરી જેલની ગણતરી યુરોપની શ્રેષ્ઠ જેલોમાં થાય છે.

વિશ્વની ત્રીજી સૌથી મોટી જેલ ક્લોંગ પ્રેમ સેન્ટ્રલ જેલ છે. આમાં કેદીઓની સંખ્યા લગભગ ૨૦,૦૦૦ છે. ક્લોંગ પ્રેમ સેન્ટ્રલ જેલ ૧૯૪૪માં ખોલવામાં આવી હતી અને તે થાઈલેન્ડની સૌથી મોટી જેલ છે. આ જેલમાં બંધ કેદીઓમાંથી લગભગ ૩૦ ટકા વિદેશી છે. વિશ્વની ચોથી સૌથી મોટી જેલ લોસ એન્જલસ કાઉન્ટી જેલ છે, જે ૧૮૫૦ માં બનાવવામાં આવી હતી. આ વિશ્વની સૌથી જૂની અને સૌથી મોટી જેલોમાંથી એક છે. લોસ એન્જલસ કાઉન્ટી જેલમાં કુલ કેદીઓની સંખ્યા ૧૯,૮૩૬ છે.

ભારતની તિહાર જેલ પાંચમા નંબર પર છે. તિહારમાં કુલ કેદીઓની સંખ્યા ૧૯,૫૦૦ છે. તિહાર જેલ કેમ્પસ ૪૦૦ એકરમાં છે અને રાજધાની દિલ્હીમાં છે તેને દક્ષિણ એશિયાની સૌથી મોટી જેલ માનવામાં આવે છે. આ પછી આવે છે રિકર્સ આઈલેન્ડ જેલ, જે ૧૯૩૨માં બનાવવામાં આવી હતી. આ જેલ ન્યુયોર્ક શહેરની નજીક આવેલી છે. આ સંકુલમાં દસ જેલ આવેલી છે. આમાં કુલ કેદીઓની સંખ્યા ૧૩,૮૪૯ છે.

વિશ્વની સાતમી સૌથી મોટી જેલ હેરિસ કાઉન્ટી જેલ છે. આમાં કુલ કેદીઓની સંખ્યા ૧૦,૦૪૪ છે. હેરિસ કાઉન્ટી જેલ ટેક્સાસમાં ૧૯૨૦ ના દાયકાના અંતમાં ખોલવામાં આવી હતી. તે ટેક્સાસની સૌથી મોટી જેલ છે અને યુનાઈટેડ સ્ટેટ્સની સૌથી મોટી જેલોમાંની એક છે. આઠમી સૌથી મોટી જેલ મેરીકોપા કાઉન્ટી જેલ છે. તે ૧૮૭૧ માં ફોનિક્સ, એરિઝોનામાં બનાવવામાં આવ્યું હતું.

કુરેન-ફ્રોમહોલ્ડ એ ફિલાડેલ્ફિયા, પેન્સિલવેનિયામાં આવેલી કાઉન્ટી જેલ છે. તેનું નામ વોર્ડન પેટ્રિક એન. કુરાન અને ડેપ્યુટી વોર્ડન રોબર્ટ ફ્રોમહોલ્ડ. ૩૧ મે ૧૯૭૩ ના રોજ હોમ્સબર્ગ જેલમાં સક્રિય ફરજના કલાકો દરમિયાન તેની હત્યા કરવામાં આવી હતી. કુરેન-ફ્રોમહોલ્ડ ૮,૮૧૧ કેદીઓની સંખ્યા સાથે નવમી સૌથી મોટી જેલ છે. મેટ્રો વેસ્ટ ડિટેન્શન સેન્ટર વિશ્વની દસમી સૌથી મોટી જેલ છે. મેટ્રો વેસ્ટ ડિટેન્શન સેન્ટર મિયામી, ફ્લોરિડામાં સ્થિત એક જેલ છે. તેમાં લગભગ ૭૦૦૦ કેદીઓને રાખી શકાય છે.

# ઓટિઝમ શું છે, તે કયા લક્ષણો દ્વારા ઓળખી શકાય?

### ઓટિઝમ ધરાવતા બાળકોને સામાજિક પ્રવૃત્તિઓ અને વાતચીતમાં સમસ્યા હોઈ શકે છે

વિશેષ


ઓટિઝમએક ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે, જે બાળકોના મગજમાં થતા ફેરફારોને કારણે થાય છે. લોકોને ઓટિઝમ વિશે જાગૃત કરવા અને તેનાથી પીડિત લોકોને સશક્ત અને સક્ષમ બનાવવા માટે વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. આ દિવસે લોકોને આ ડિસઓર્ડર સંબંધિત તમામ મહત્ત્વપૂર્ણ માહિતી વિશે જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. ઓટિઝમ પીડિત બાળકોનું વર્તન, વાતચીત અને શીખવાની શૈલી અન્ય બાળકો કરતા અલગ છે. તેનો ઈલાજ થઈ શકતો નથી, તેથી આ વિકાર આજીવન રહે છે.

ઓટિઝમ ધરાવતા બાળકોને સામાજિક પ્રવૃત્તિઓ અને વાતચીતમાં સમસ્યા હોઈ શકે છે. સામાન્ય રીતે આ ડિસઓર્ડર બાળપણમાં જ ૨-૩ વર્ષની ઉંમરે મળી આવે છે, પરંતુ કેટલીકવાર તેને શોધવામાં સમય લાગી શકે છે. કારણ કે ડોકટરો તેને શોધવા માટે વર્તણૂકીય પરીક્ષણોની મદદ લે છે. શોધવાનો બીજો કોઈ રસ્તો નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, વિશ્વભરમાં દર ૧૦૦માંથી ૧ બાળક ઓટિઝમ ધરાવે છે.

ઓટિઝમથી પીડિત બાળકોને લોકો સાથે વાતચીત કરવામાં મુશ્કેલી પડી શકે છે. તેમને સામેની વ્યક્તિની બોડી લેંગ્વેજ સમજવામાં મુશ્કેલી પડી શકે છે, જેના કારણે તેઓ સામેની વ્યક્તિ શું કહી રહી છે તે સમજવામાં મુશ્કેલી અનુભવે છે. આ ઉપરાંત, ભાષા કૌશલ્યનો વિલંબિત વિકાસ, લોકો સાથે સંબંધ બાંધવામાં અસમર્થતા, એક જ ક્રિયાને વારંવાર પુનરાવર્તિત કરવી, પરિવર્તન ન ગમવું જેવા ઘણા લક્ષણો ઓટિઝમથી પીડિત બાળકોમાં જોવા મળે છે.

ઓટિઝમનું કોઈ ચોક્કસ કારણ મળ્યું નથી, પરંતુ તેના કારણોમાં આનુવંશિકતા અને પર્યાવરણ સામેલ હોઈ શકે છે. એક જ ક્રિયાને વારંવાર પુનરાવર્તિત કરવી, જેમ કે બેસતી વખતે વારંવાર હલવું, હાથ હલાવો, એક જ શબ્દનું વારંવાર પુનરાવર્તન કરવું. સંવેદના અંગો વધુ સંવેદનશીલ બને છે, જેમ કે મોટા અવાજોથી ખલેલ પહોંચવી અથવા ચીડાઇ જવું. લોકો સાથે વાત કરતી વખતે તેમની તરફ ન જોવું અથવા આંખનો સંપર્ક ન કરવો. શારીરિક સ્પર્શ પસંદ ન આવવો. રોબોટિક અથવા સપાટ અવાજમાં બોલવું. અમુક વસ્તુઓમાં જ રસ હોવો. લોકો શું કહે છે તે સમજવામાં સક્ષમ ન હોવું અથવા તેમના હાવભાવ સમજવામાં મુશ્કેલી આવવી.

# ગુજરાતમાં જામ્યો ચૂંટણીનો જંગ



વિશ્વની સૌથી મોટી લોકશાહી ની ચૂંટણી ની પ્રક્રિયા ચાલી રહી છે લોકશાહીનો આ સૌથી મોટો ઉત્સવ છે આ ઉત્સવમાં બધા રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારો ની યાદી ધડાધડા બહાર પાડવામાં આવી રહી છે ગત સપ્તાહે ભાજપના ઉમેદવારોની જે યાદી બહાર પાડવામાં આવી તેનાથી કહી ખુશી કહી ગમ જેવું વાતાવરણ સર્જાયું છે કોઈ જગ્યાએ વિરોધનો સૌર ઉઠ્યો છે તો કોઈ જગ્યાએ ખુશીની લહેર વ્યાપી છે

ભારતીય જનતા પાર્ટીએ પોરબંદર લોકસભાની સીટ પરથી કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. જ્યારે કોંગ્રેસે તેમની વિરુદ્ધ ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાને ઉમેદવાર બનાવ્યા છે.

જોકે, પોરબંદર લોકસભા બેઠક હેઠળ આવતા ધોરાજી અને ઉપલેટામાં મનસુખ માંડવિયા વિરુદ્ધ બેનર લાગ્યાં હતાં. સ્થાનિક ઉમેદવારને મત આપવાની માંગ સાથે લાગેલાં આ પોસ્ટરોએ આ બેઠક પર રાજકીય પારો ઊંચે ચડાવી દીધો છે.

સ્થાનિક મીડિયા સાથેની વાતચીત દરમિયાન ધોરાજી ભાજપના શહેર પ્રમુખ રાજૂભાઈ બાલધાએ કહ્યું "કોંગ્રેસના ઉમેદવાર હારી જવાના ભયથી પોસ્ટર લગાવી રહ્યા છે. હારના ભયથી કોંગ્રેસ આવા સ્ટન્ટ કરી રહી છે. લોકો ભાજપને ઇચ્છે છે અને કોંગ્રેસ હારી જવાની છે."

લોકસભા ચૂંટણી માટેની પહેલી યાદીમાં ગુજરાતથી પણ ભાજપે ૧૫ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. તેમાં પાંચ સાંસદોની ટિકિટ કપાઈ છે.

આ યાદીમાં જ મનસુખ માંડવિયાને પોરબંદરથી ટિકિટ આપવામાં આવી હતી. જોકે, જ્યારથી તેઓ ઉમેદવાર તરીકે જાહેર થયા ત્યારથી જ તેઓ આયાતી ઉમેદવાર છે તેવી ચર્ચાઓએ વેગ પકડ્યો હતો.

આસપાસ ચોપાસ – સુરેશ ભટ્ટ

પોરબંદરથી હાલના સાંસદ રમેશ ધડુકના સ્થાને તેમને ટિકિટ અપાઈ છે.

છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં વ્યાપકપણે એ ચર્ચા થઈ રહી હતી કે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને પરશોત્તમ રૂપાલાને પણ ભાજપ ગુજરાતથી ચૂંટણી લડાવશે.

એમાં પણ સૌથી વધુ ચર્ચા એ વાતની થઈ રહી હતી કે મનસુખ માંડવિયાને ભાજપ ભાવનગર કે અમરેલી બેઠક પરથી ટિકિટ આપશે. ભાજપે તેમને પોરબંદર બેઠક પરથી ટિકિટ આપીને સૌને ચોંકાવ્યા છે. ભાજપે કેમ મનસુખ માંડવિયાને પોરબંદરથી ઉતાર્યા?

છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ચર્ચાઓમાં મનસુખ માંડવિયાને ભાવનગરથી ટિકિટ આપવામાં આવશે તેવી ચર્ચા હતી.

પરંતુ તેમને અંતે પોરબંદરથી ટિકિટ આપવામાં આવી છે અને રમેશ ધડુકની ટિકિટ કપાઈ ગઈ છે. "પોરબંદર બેઠક પરંપરાગત રીતે લેઉવા પટેલ સમુદાયના પ્રભુત્ત્વવાળી બેઠક ગણાય છે. એ સિવાય આ બેઠક માટે છેલ્લા ઘણા સમયથી અર્જુન મોઢવાડિયા ફેક્ટરની પણ ચર્ચા હતી. વળી, વચ્ચે તો તેમના ભાજપમાં જોડાવાની પણ ચર્ચા હતી." "પરંતુ ચોક્કસપણે મનસુખ માંડવિયાને પોરબંદરથી ટિકિટ આપવામાં આવી તે ચોંકાવનારો નિર્ણય છે. વળી, કેન્દ્રીય મંત્રીને આ બેઠક પરથી ટિકિટ આપવામાં આવી તેના કારણે ભાજપના કાર્યકર્તાઓને પણ દિલોજાનથી કામ કરવું પડે. એટલે જે થોડી ઘણી ચિંતા ભાજપને હોય તેને પણ તેણે નાબૂદ કરવાનો પ્રયાસ કર્યો છે."

### લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના ઉમેદવારોની જાહેરાત બાદથી ગુજરાત ભાજપ એક અથવા બીજી રીતે મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે સ્થાનિક સ્તરે કાર્યકરોમાં વિરોધને પગલે પક્ષના સિનિયર નેતાઓ ડેમેજ કંટ્રોલ થકી વિરોધ અને ગુસ્સો શાંત પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે

મનસુખ માંડવિયાને ભાવનગરથી ટિકિટ ન આપવાના નિર્ણયને એટલા માટે કરવામાં આવ્યો કે "ત્યાંથી ઇન્ડિયા ગઠબંધનના ઉમેદવાર તરીકે આમ આદમી પાર્ટીએ કોળી સમુદાયના ઉમેશ મકવાણાને ટિકિટ આપી છે. ભાવનગરમાં કોળી મતદારોનું કાયમ પ્રભુત્વ રહ્યું છે. એટલે એવું બની શકે કે ભાજપે ત્યાંથી મનસુખ માંડવિયાને ટિકિટ આપવાનું ટાળ્યું હોય."

પોરબંદરની લોકસભા બેઠક હેઠળ ગોંડલ, જેતપુર, ધોરાજી (રાજકોટ જિલ્લો), પોરબંદર અને કુતિયાણા (પોરબંદર જિલ્લો) અને માણાવદર તથા કેશોદ (જૂનાગઢ જિલ્લો) એમ ત્રણ જિલ્લાની સાત વિધાનસભા બેઠક આવે છે. કોંગ્રેસે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી દરમિયાન જે ૧૭ બેઠકો જીતી હતી, તેમાંથી બે બેઠકો પોરબંદર અને માણાવદર આ લોકસભાની બેઠક હેઠળ આવે છે.

વર્ષ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના પૂર્વ અધ્યક્ષ અર્જુન મોઢવાડિયાએ પોરબંદર બેઠક પરથી પૂર્વ મંત્રી બાબુભાઈ બોખીરિયાને આઠ હજાર ૧૦૦ કરતાં વધુ મતથી પરાજય આપ્યો હતો.

૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં પોરબંદર બેઠક પર છેલ્લી વાર કોંગ્રેસની જીત થઈ હતી અને વિઠ્ઠલભાઈ રાદડિયા ચૂંટાયા હતા. ત્યાર બાદ તેઓ ભાજપમાં ભળી ગયા અને ૨૦૧૩ તથા ૨૦૧૪માં ફરીથી એક વાર લોકસભા ચૂંટણીમાં તેઓ જીત્યા હતા.

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી સમયે કોંગ્રેસે લલિત વસોયાને તો ભાજપે રમેશ ધડુકને ટિકિટ આપી હતી. પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા લલિતભાઈ વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ધોરાજીની બેઠક પરથી વિજેતા થયા હતા. તેમણે વિઠ્ઠલભાઈના ગઢમાં ગાબડું પાડ્યું હતું

વર્ષ ૧૯૯૭માં શંકરસિંહ વાઘેલાએ તેમનું પદ છોડ્યું તેના લગભગ ૨૫ દિવસ પહેલાં ગાંધી જયંતીના રોજ જૂનાગઢમાંથી અલગ જિલ્લા તરીકે પોરબંદરની જાહેરાત કરી, જેના હેઠળ પોરબંદર અને કુતિયાણા એમ બે વિધાનસભા બેઠક મૂકવામાં આવી.

સૌપ્રથમ ચૂંટણી સમયે હાલની પોરબંદર બેઠક હેઠળ આવતા વિસ્તારોનું પ્રતિનિધિત્વ સોરઠ અને હાલાર બેઠક દ્વારા થતું. એ અરસામાં આ ભૂભાગ સૌરાષ્ટ્ર રાજ્ય હેઠળ આવતો. સૌરાષ્ટ્ર રાજ્યને લોકસભાની છ બેઠક મળેલી હતી.

ગુજરાત રાજ્યના ગઠન બાદ જૂનાગઢ અને જામનગર લોકસભા બેઠકોએ અનુક્રમે સોરઠ અને હાલાર બેઠકોની સ્થાનપૂર્તિ કરી. રાજ્યને ૨૨ બેઠક મળી હતી, જે ૧૯૭૧ની ચૂંટણી સમયે વધીને ૨૪ થઈ.

જિલ્લા તરીકેની સ્થાપનાના બે દાયકા પહેલાં વર્ષ ૧૯૭૭ની લોકસભા ચૂંટણી સમયે પોરબંદર બેઠક સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં આવી. આ સાથે જ ગુજરાતની બેઠકસંખ્યા વધીને ૨૬ થઈ હતી, જેમાં અનુસૂચિત જાતિને બે તથા અનુસૂચિત જનજાતિને માટે ચાર બેઠક અનામત રાખવામાં આવી હતી.

૧૯૯૧માં ભાજપ પહેલીવાર પોરબંદર લોકસભાની બેઠક જીત્યું હતું અને હરિલાલ પટેલ સાંસદ તરીકે ચૂંટાયા હતા.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસે હજુ સુધી ઇન્ડિયા ગઠબંધન હેઠળ તેના ફાળે ગુજરાતમાં આવેલી ૨૪ બેઠકો પૈકી એક પણ ઉમેદવાર જાહેર કર્યા નથી, એટલે પોરબંદરથી તેના ઉમેદવાર કોણ હશે તે જાહેર થયું નથી.

# વિસ્તારાની વધુ ૩૮ ફ્લાઈટ્સ કરાઈ કેન્સલ : કેન્દ્ર સરકારે જવાબ માંગ્યો

**એરલાઈન પાઈલોટ ઉપલબ્ધ ન હોવાનું કારણ આપી રહી છે**

મુંબઈ,

મુંબઈ,ભારતના ટાટા ગ્રૂપ અને સિંગાપોર એરલાઈન્સની સહ-માલિકીની વિસ્તારા એરલાઇન છેલ્લા કેટલાક દિવસોથી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે, એરલાઈનની સંખ્યાબંધ ફ્લાઈટ ડીલે અથવા કેન્સલ થઈ રહી છે. અહેવાલો મુજબ મંગળવારે દેશના મહત્વના શહેરોમાંથી ઉપડતી ૩૮ વિસ્તારા ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, મુંબઈથી ૧૫ ફ્લાઈટ્સ, દિલ્હીથી ૧૨ અને બેંગલુરુથી ૧૧ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.




એરલાઇન પાઇલોટ ઉપલબ્ધ ન હોવાનું કારણ આપી રહી છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ફ્લાઇટ કેન્સલેશન અને વિલંબ અંગે વિસ્તારા પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે. ગઈકાલે વિસ્તારાની ૫૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને લગભગ ૧૬૦ ફ્લાઈટ્સ ડીલે થઈ હતી, જેને કારણે હજારો મુસાફરો રઝળી પડ્યા હતા. મુસાફરોએ ગઈકાલે એરપોર્ટ પર કલાકો સુધી રાહ જોતા બેસી રહ્યા હતા, અને મુસાફરો એરલાઇનના વર્તનને વખોડી રહ્યા છે. ફ્લાઈટ્સ કેન્સલ અથવા કલાકો સુધી ડીલે થતા મુસાફરોએ સોશિયલ મીડિયા રોષ ઠાલવી રહ્યા છે. વિસ્તારાએ ગઈકાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ક્રુની અનુપલબ્ધતા સહિત અન્ય વિવિધ કારણોસર છેલ્લા કેટલાક દિવસોમાં નોંધપાત્ર સંખ્યામાં ફ્લાઇટ રદ થવાની અને વિલંબ થવાની સમસ્યા ઉભી થઇ છે.

# 'ટુથબ્રશ' માઉથ કેન્સરની ઓળખ કરશે!

**AI સેન્સરયુક્ત 'ટુથબ્રશ' મોંમાં ફોડલી, દાણા, રંગ અને ફ્રિકવન્સીથી કેન્સરનું નિદાન કરે છે**

મુંબઈ,

આઈઆઈટી કાનપુર ટુથબ્રશ આકારનું એક એવું ડિવાઈસ વિકસીત કર્યું છે જે કેટલાક સેકન્ડમાં માઉથ કેન્સરની તપાસ કરશે. આથી માઉથ કેન્સરના પ્રારંભીક ગાળાને જાણી શકાશે. આ ડિવાઈસ ટુંક સમયમાં ઈલાજ માટે બજારમાં ઉપલબ્ધ થશે. આઈઆઈટીએ એના કોમર્શિયલ ઉપયોગ માટે ખાનગી કંપનીઓને લાયસન્સ આપવાનો નિર્ણય કર્યો છે. સંસ્થાએ આ ડિવાઈસનું નામ 'મુખ પરીક્ષક' રાખ્યું છે. આઈઆઈટી કાનપુરના કેમિકલ એન્જીનીયરીગ વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક પ્રો. જયંતકુમારસિંહ અને તેમની ટીમે આ ડિવાઈસ વિકસીત કર્યું છે. પ્રો. સિંહે જણાવ્યું હતું કે, અત્યારસુધી કેન્સરની ઓળખ માટે ટિસ્યુમાં તપાસ થાય છે તેમાં ઘણો સમય લાગે છે. આ ડિવાઈસમાં તપાસ માટે નહીં લેવા પડે અને તપાસનો રિપોર્ટ પણ કેટલીક સેકન્ડોમાં મળી જશે. તેમણે જણાવ્યું હતું કે, આ ડિવાઈસની ટ્રાયલ કાનપુર સ્થિત જેકે કેન્સર હોસ્પિટલ ઉપરાંત દેશના અન્ય અનેક હોસ્પિટલોમાં સફળ રહી હતી. ટુંક સમયમાં જ ખાનગી કંપનીઓ સાથે સમજુતી કરીને ટેકનીકલ લાયસન્સ આપવામાં આવશે.

આ ડિવાઈસ હેન્ડહેલ્ડ અને પોર્ટેબલ છે. તેમાં સેલ્ફ પાવર બેકઅપ છે સ્માર્ટ ફોન, ટેબલેટ સાથે વાયરલેસ કનેકશન છે. હાનિકારક વિકિરણથી મુક્ત છે, કેમિકલ વિના ઉપયોગ, સ્વાસ્થ્ય ડેટાનો રેકર્ડ સુરક્ષિત છે. આ ડિવાઈસને મોંની ચારેબાજુ ફેરવવું પડશે.

# શૈતાન OTT પર રિલીઝ થશે

મુંબઈ,

એક્શનથી લઈને કોમેડી સુધીની તમામ પ્રકારની ફિલ્મોમાં પોતાની પ્રતિભા દેખાડનારા અજય દેવગનની ફિલ્મ 'શૈતાન'એ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કર્યો છે. અજય અને આર માધવનની આ ફિલ્મ વર્ષ ૨૦૨૩માં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'વશ'ની હિન્દી રિમેક છે. ફિલ્મની સફળતા બાદ કહેવામાં આવી રહ્યું છે કે આ ક્રાઈમ થ્રિલર સ્ટોરીનો પાર્ટ ૨ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. પરંતુ અજય દેવગનના તે ફેન્સ માટે એક સારા સમાચાર છે જેમણે આ ફિલ્મ પહેલા જોઈ નથી. ટૂંક સમયમાં જ અજયની ફિલ્મ 'શૈતાન' OTT પર સ્ટ્રીમ થવા જઈ રહી છે. સૂત્રોનું માનીએ તો અજય દેવગનની ફિલ્મ 'શૈતાન' ૩ મે, ૨૦૨૪ના રોજ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થવા જઈ રહી છે. આ ફિલ્મની થિયેટરમાં રિલીઝ પહેલા OTT પ્લેટફોર્મ Naflixએ 'શૈતાન'ના OTT રાઈટ્સ ખરીદી લીધા હતા. જો કે જો તમારી પાસે Naflix સબસ્ક્રિપ્શન નથી, તો




તમારે આ ફિલ્મ જોવા માટે વધુ રાહ જોવી પડશે. નેટફ્લિક્સ પર રિલીઝ થયાના ૪૫ દિવસ પછી આ ફિલ્મનું ટીવી પ્રીમિયર થઈ શકે છે.

# ચીનની અંચઈ : અરુણાચલમાં ૩૦ સ્થળોના નામ બદલી નાખ્યા



નવીદિલ્હી,

ચીને અરુણાચલ પ્રદેશને લઈને વધુ એક વિવાદાસ્પદ પગલું ભર્યું છે, જેમાં અરુણાચલ પ્રદેશના ૩૦ સ્થળોને પોતાનું હોવાનો દાવો કર્યો છે અને તેનું નામ ચીનમાં આપ્યું છે. ચીન પહેલેથી જ દાવો કરી રહ્યું છે કે અરુણાચલ પ્રદેશ તેનો હિસ્સો છે, જેના પર ભારતના વિદેશ મંત્રાલયે તાજેતરમાં જવાબ આપતા કહ્યું કે અરુણાચલ પ્રદેશ અમારો ભાગ હતો, છે અને હંમેશા રહેશે. ભારત સતત ચીનને જડબાતોડ જવાબ આપી રહ્યું છે, તેમ છતાં ચીન પોતાના પગલાથી પીછેહઠ કરી રહ્યું નથી. તેના બદલે, તે અરુણાચલ પ્રદેશમાં સતત તેની છાપ વિસ્તરી રહી છે. ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે આ સ્થળોના નામ અને ભૌગોલિક સ્થાનો પણ જાહેર કર્યા છે. અરુણાચલ પ્રદેશના જે ૩૦ સ્થળો પર ચીને વાહિયાત દાવા કર્યા છે તેમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વતો, ચાર નદીઓ, એક તળાવ, એક પાસ છે. અને ત્યાં ખાલી જમીન છે. ચીન અરુણાચલ પ્રદેશને પોતાનો દાવો કરે છે અને તેનું નામ જીજાંગ રાખે છે. પરંતુ હવે સાઉથ ચાઈના રિપોર્ટ અનુસાર, માહિતી સામે આવી છે કે ચીની નાગરિક બાબતોના મંત્રાલયે શનિવારે અરુણાચલ પ્રદેશમાં ૩૦ વધુ સ્થળોના નામ બદલી નાખ્યા છે, જેને તે ઝંગનાન અથવા તિબેટનો ભાગ કહે છે. જેમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વતો, ચાર નદીઓ, એક તળાવ, એક પાસ અને એક ખાલી જમીન છે. જો કે જે જગ્યાઓના નામ બદલવામાં આવ્યા છે તેના નામ હજુ જાહેર કરવામાં આવ્યા નથી.

# કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે તેના પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ નિયમોમાં ફેરફાર કર્યો

ટોરેન્ટો,


જે વિદ્યાર્થીઓએ બે વર્ષથી ઓછા સમયમાં માસ્ટર ડિગ્રી પ્રોગ્રામ પૂર્ણ કર્યો છે તેઓ હવે ૩-વર્ષના પીજીડબ્લ્યુપી માટે પાત્ર બનશે, જો કે તેઓ અન્ય તમામ પાત્રતા માપદંડોને પૂર્ણ કરતા હોય. શરૂઆતમાં આ ફેરફાર ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪થી લાગુ થવાનો હતો, હવે આ ફેરફાર ૧૫ મે, ૨૦૨૪થી અમલમાં આવશે. આનો અર્થ એ છે કે ૧૫ મે, ૨૦૨૪ થી, કોર્સ લાયસન્સિંગ એગ્રીમેન્ટ પ્રોગ્રામ્સમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ હવે પીજીડબ્લ્યુપી માટે પાત્ર રહેશે નહીં. આ ઉપરાંત પીજીડબ્લ્યુપી વિશેષ પગલાંની માન્યતા ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

પીજીડબ્લ્યુપી શું છે એ તરફ નજર કરવામાં આવે તો, પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ એ એક ઓપન વર્ક પરમિટ છે જે વિદેશી વિદ્યાર્થીઓને કેનેડામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી આપવામાં આવે છે. જેમની પાસે પીજીડબ્લ્યુપી છે તેઓ કેનેડામાં ગમે ત્યાં કોઈપણ એમ્પ્લોયર માટે ગમે તેટલા કલાક કામ કરવા માટે મુક્ત છે. તમારા પીજીડબ્લ્યુપીની મર્યાદા તમારા અભ્યાસ કાર્યક્રમના સ્તર અને અવધિ તેમજ તમારા પાસપોર્ટની સમાપ્તિ તારીખ, જે પહેલા આવે તેના પર આધાર રાખે છે. જો તમે ડેઝિગ્નેટેડ લર્નિંગ ઇન્સ્ટિટ્યૂશનમાંથી સ્નાતક થયા છો અને કામ કરવા માટે કેનેડામાં અસ્થાયી રૂપે રહેવા માંગતા હો, તો તમે પીજીડબ્લ્યુપી માટે પાત્ર બની શકો છો. ડીએલઆઈ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને હોસ્ટ કરવા માટે કેનેડામાં પ્રાંતીય અથવા પ્રાદેશિક સરકાર દ્વારા માન્ય શાળા. નિયુક્ત શૈક્ષણિક સંસ્થાઓમાં ઓછામાં ઓછા બે વર્ષના સમયગાળાના કાર્યક્રમોના પીજીડબ્લ્યુપી પાત્ર સ્નાતકો ૩-વર્ષનો પીજીડબ્લ્યુપી કરી શકે છે.

# ફિલ્મ Raid 2ની રિલીઝ ડેટ આવી સામે

મુંબઈ,

આ વર્ષ અજય દેવગન માટે ફિલ્મોથી ભરેલું છે. ૧૦ એપ્રિલે તેની ફિલ્મ 'મેદાન' રિલીઝ થવાની છે, જે બોક્સ ઓફિસ પર અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' સાથે ટકરાશે. પરંતુ આ પહેલા અજય દેવગનની ફિલ્મ રેડના પાર્ટ ૨ની એટલે કે 'રેડ ૨'ની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. એક્ટર યશપાલ શર્માએ ટ્વિટર પર એક પોસ્ટ શેર કરીને આ જાણકારી આપી છે. અજય દેવગન સ્ટારર ફિલ્મ 'રેડ ૨'ની રાહ હવે પૂરી થવા જઈ રહી છે. શેર કરેલા પોસ્ટરમાં




રેડ ૨ ની રિલીઝ તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૪ દર્શાવવામાં આવી છે. પરંતુ મેકર્સ દ્વારા ફિલ્મની રિલીઝ ડેટ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી નથી. હવે ફિલ્મનો બીજો ભાગ પહેલા પાર્ટના ૬ વર્ષ પછી આવશે. રિપોર્ટ્સ મુજબ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરીમાં જ શરૂ કરવામાં આવ્યું હતું. આ વખતે પણ રિતેશ દેશમુખ ફિલ્મમાં વિલનની ભૂમિકામાં છે. તે અજય દેવગન સાથે ટક્કર કરતો જોવા મળશે. અજયની સાથે ફિલ્મ 'રેડ ૨'માં વાણી કપૂર, સાઉથ સ્ટાર રવિ તેજા અને રજત કપૂર જેવા સ્ટાર્સ પણ જોવા મળશે. વર્ષ ૨૦૧૮માં રિલીઝ થયેલી તેની પહેલી ફિલ્મ 'રેડ'માં ઈલિયાના ડીક્રુઝ લીડ એક્ટ્રેસ તરીકે જોવા મળી હતી. પરંતુ આ વખતે અજયની સામે વાણી કપૂર હશે. આ વખતે પણ અજય ઈક્મટેક્સ ઓફિસર અમય પટનાયકની ભૂમિકા ભજવી રહ્યો છે. તમને જણાવી દઈએ કે અજય દેવગનની ફિલ્મ 'મેદાન'ની સાથે ફિલ્મ 'ઓરોં મેં કહાં દમ થા' પણ એપ્રિલમાં જ રિલીઝ થશે. તેની ફિલ્મ ૨૬ એપ્રિલે થિયેટરોમાં આવશે.




# પૂર્વ કેપ્ટન ધોનીની ઓવરઓલ ટીર૦ ક્રિકેટમાં 300 વિકેટ લેનાર દુનિયાના પહેલા વિકેટકીપર બની ગયો

મુંબઇ,

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ સીઝનમાં મહેન્દ્ર સિંહ ધોનીએ એક ઐતિહાસિક રેકોર્ડ કાયમ કર્યો છે. તેમણે ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમતા દિલ્હી કેપિટલ્સના સામે મેચમાં આ સફળતા મેળવી છે. સીએસકે ટીમના પૂર્વ કેપ્ટન ધોની ઓવરઓલ ટી૨૦ ક્રિકેટમાં ૩૦૦ વિકેટ લેનાર દુનિયાના પહેલા વિકેટકીપર બની ગયા છે.

પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ રવિવારે ક્રિકેટ ઈતિહાસમાં એક એવો રેકોર્ડ બનાવ્યો છે જેને અત્યાર સુધી દુનિયાના કોઈ પણ વિકેટકીપર સ્પર્શી નથી શક્યા. ધોનીએ આ ઐતિહાસિક રેકોર્ડ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ સીઝનમાં બનાવ્યો છે.

**ટી૨૦ ક્રિકેટમાં વિકેટકીપર તરીકે સૌથી વધારે વિકેટ લેનાર ખેલાડી**

૩૦૦- મહેન્દ્ર સિંહ ધોની
૨૭૪- કામરાન અકમલ
૨૭૪- દિનેશ કાર્તિક
૨૭૦- ક્વિંટન ડિકોક
૨૦૯- જોસ બટલર

હકીકતે રવિવારે વિશાખાપટનમના મેદાન પર ચેન્નાઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સની વચ્ચે મેચ રમાઈ. આ મેચમાં ધોનીએ સ્પિન ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાના બોલ પર પૃથ્વી શોને વિકેટની પાછળથી કેચ આઉટ કર્યા. આ રીતે ધોની ઓવરઓલ ટી૨૦ ક્રિકેટમાં ૩૦૦ શિકાર કરતા દુનિયાના પહેલા વિકેટકીપર બની ગયા છે. આ લિસ્ટમાં પાકિસ્તાનના પૂર્વ વિકેટકીપર કામરાન અકમલ અને ભારતના દિનેશ કાર્તિક સંયુક્ત રીતે બીજા નંબર પર છે.

# દર્શકોના હુરિયા પર હાર્દિક પંડયા જરાપણ ધ્યાન ન આપે : સ્ટીવ સ્મિથ

નવીદિલ્હી,

ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન સ્ટીવ સ્મિથે મુંબઇ ઇન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડયાને સલાહ આપી છે કે, તે હાલમાં આઇપીએલમાં દર્શકો તરફથી થઇ રહેલી હટીંગ (દેકારો) પર ધ્યાન આપે. સ્મિથનું કહેવું છે કે, આ બધી વસ્તુઓનું કોઇ મહત્વ નથી.

રોહિત શર્માની જગ્યાએ એમઆઇ (મુંબઇ ઇન્ડિયન્સ)ના નવા કેપ્ટન બનેલા હાર્દિકને પોતાની કેપ્ટનશિપમાં પ્રારંભિક બન્ને મેચમાં હાર મળી છે.

બીજી બદા, રોહિત પાસેથી કેપ્ટનશીપ છીનવાઇ જતા નારાજ ફેન્સ સતત હાર્દિકને નિશાન બનાવી રહ્યા છે.



સ્મિથે જણાવ્યું હતું કે, હું માત્ર એટલું જ કહીશ કે હાર્દિક તેમાં ધ્યાન આપે-બહાર કોઇ વ્યકિત નથી જાણતું કે તમે કઇ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છો. બહારનો કોઇ શખ્સ ડ્રેસીંગ રૂમમાં નથી.

# જૈનાચાર્ય હંસરત્નસૂરીશ્વરજીના ૧૦૦મા માસક્ષમણના પારણા અક્ષય કુમાર હાજર રહ્યો, ૭ કરોડ દાન કર્યાની ચર્ચા

મુંબઇ,

વિશ્વ-શાંતિ અને અહિંસાનો સંદેશ દુનિયામાં ખૂણે ખૂણે પહોંચાડવાના ધ્યેય સાથે ઉગ્ર તપસ્યા કરતા જૈનાચાર્ય હંસરત્નસૂરીશ્વરજીએ સાતમી વાર સળંગ ૧૮૦ ઉપવાસ પૂર્ણ કરીને વરલીના નેશનલ સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં હજારોની મેદની વચ્ચે સોમાં પારણા કર્યા હતા. આ સાથે તેમણે જૈન ધર્મના ઈતિહાસમાં સૌથી લાંબી અને આકરી ઉપવાસ આરાધનાનો વિક્રમ સજર્યો હતો. આપ્રસંગે ૧૦ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર પણ સામેલ હતો.

વિવિધક્ષેત્રના અગ્રણીઓ અને ૩૫૦થી વધુ સાધુ-સાધ્વીજીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ અનોખા પારણા મહોત્સવમાં ફિલ્મસ્ટાર અક્ષય કુમાર ખાસ હાજર રહ્યો હતો. જૈનાચાર્ય કઠીન ઉપવાસ આરાધનાથી અત્યંત પ્રભાવિત થયેલા અક્ષય કુમારે જૈન ધર્મના સિદ્ધાંતો અનુસરવાનો સંકલ્પ કર્યો હતો. આ સાથે તેણે ૭ કરોડનો ચઢાવો કર્યાની પણ ચર્ચા છે.



# બ્લુસ્ટાર દ્વારા રૂમ એસીમાં નવીન શ્રેણીની રજુઆત




રૂમ એસી ક્ષેત્રે ભારતની ટોપ બ્રાન્ડ બ્લૂસ્ટાર એ આગામી ગરમીની ઋતુ ને ધ્યાનમાં રાખીને રૂમ એસીમાં અલગ અલગ પ્રકાર ના૧૦૦ થી વધુ મોડલની રજુઆત કરી છે.

મધ્યમ વર્ગની ખરીદ શક્તિ વધતા અને એસી હવે જરૂરિયાતની વસ્તુ લાગતા એસીનું બજાર નોંધ પાત્ર રીતે વધી રહ્યું છે.બ્લુસ્ટાર એ વધતી માંગને પહોંચી વળવા ફ્લેગશીપ, પ્રીમિયમ અને પરવડે તેવી રેન્જમાં ૨ સ્ટાર ૩ સ્ટાર ૫ સ્ટાર એસીની નવીન શ્રેણી પ્રસ્તુત કરી છે. કંપની એ તેની ૮૦મી વર્ષગાંઠ નિમિતે ગ્રાહકો માટે આકર્ષક ઓફર મુકેલ છે.

# મહાપાલિકાને પ્રથમ દિવસે મિલ્કત વેરાની રૂ. ૯૧ લાખ આવક : કરદાતાઓની રિતસર લાઈનો લાગી

## પ્રથમ દિવસે મંગળવારે ૧,૯૧૦ કરદાતાએ મિલ્કત વેરો ભરી રીબેટ યોજનાનો લાભ લીધો : એપ્રિલમાં ૧૦ ટકા રીબેટ, ઓનલાઈન પેમેન્ટ કરનારને ૨ ટકા વધુ વળતર ચુકવાશે



ભાવનગર, તા.૩

ભાવનગર મહાનગરપાલિકામાં મંગળવારે પ્રથમ દિવસે ૧,૯૧૦ કરદાતાએ વેરો ભર્યો હતો અને મનપાને આશરે રૂ. ૯૧.૩૨ લાખની વેરાની આવક થઈ હતી. મિલ્કત વેરો ભરનારને રીબેટ યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે. મનપાની મેઈન્ટનન્સની કામગીરી વહેલી પૂર્ણ થતા મનપાએ વેરો સ્વિકારવાની કામગીરી શરૂ કરી દીધી હતી. જ્યારે આજે બુધવારે સવારથી જ સિનીયર સિટીઝન સહિતના કરદાતાઓની લાંબી લાઈનો જોવા મળી હતી. કોર્પોરેશનના કર્મચારીઓ દ્વારા કરદાતાઓને ગુલાબનું ફુલ આપીને આવકારાયા હતાં.

પ્રથમ દિવસે મિલ્કત વેરો ભરવા મહાપાલિકામાં કતાર લાગી હતી. સાંજે ૫ કલાક સુધીમાં ૧,૯૧૦ કરદાતાએ વેરો ભર્યો હતો અને મનપાને રૂ. ૯૧,૩૨,૦૦૦ લાખની વેરાની આવક થઈ હતી. મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તથા બંને ઝોનલ કચેરીઓ (પૂર્વ તથા પશ્ચિમ) ખાતે મિલકત વેરો સવારે ૧૦.૩૦ થી બપોરે ૨.૩૦ અને બપોરે ૩ થી ૫ દરમિયાન સ્વીકારવા નિર્ધારિત કરાયેલ છે. જાહેર રજાઓ તથા શનિ-રવિવાર સહિતના તમામ દિવસો વેરો સ્વિકારાશે. હાલમાં ઘરવેરાની કાર્પેટ એરિયા કરપદ્ધતિમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની રિબેટ યોજના ચાલુ થઈ છે, જેમાં તમામ વેરો એકી સાથે ભરપાઈ કર્યેથી એપ્રિલ માસમાં ચાલુ વર્ષના મિલકત વેરા તથા સફાઈ વેરાની રકમ પર ૧૦ ટકા રિબેટ તથા મે માસમાં ચાલુ વર્ષના મિલકત વેરા તથા સફાઈ વેરાની રકમ પર ૫ ટકા સુધીનું રિબેટ તથા પી.ઓ.એસ., મહાનગરપાલિકાની વેબસાઈટ ડબલ્યુડબલ્યુડબલ્યુ. બીએમસીગુજરાત.કોમ પર ઓનલાઈન તેમજ એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન મારફત પેમેન્ટ કરવા પર વધુ ૨ ટકા રિબેટ મળવાપાત્ર છે.

મહાપાલિકામાં જુની કર પધ્ધતિમાં ત્રણ માસ સુધી વ્યાજમાફી સ્કિમ શરૂ રાખવામાં આવી છે તેથી કરદાતાઓ લાભ લઈ શકશે. શહેરના બાકી કરદાતાઓને દર વર્ષની માફક ચાલુ વર્ષની રીબેટ યોજનાનો સત્વરે લાભ લઈ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તથા બંને ઝોનલ કચેરીઓ (પૂર્વ તથા પશ્ચિમ) ખાતેની કેશબારીઓએ અથવા મહાનગરપાલિકાની વેબસાઈટ પર વેરો ભરપાઈ શકાશે તેમ મહાપાલિકાના ઘરવેરા વિભાગે જણાવેલ છે.

# કોર્પોરેશનમાં નિવૃત્તીના બીજા જ દિવસે કર્મિ.ઓને ગ્રેચ્યુઈટી સહિતના લાભો ચુકવાયા

## કમિશ્નરે શાલ ઓઢાડી સાકરનો પડો અને શ્રીફળ આપી નિવૃત્ત કર્મચારીઓને શુભેચ્છા પાઠવી : દોઢ કરોડનું તત્કાલ ચુકવણું

ભાવનગર,તા.૩

ભાવનગર મહાપાલિકામાં ૩૧ માર્ચે ૮ અધિકારી-કર્મચારીઓ નિવૃત્ત થતા મ્યુ.કમિશ્નર ઉપાધ્યાયે તમામને બીજા જ દિવસે ગ્રેચ્યુઈટી સહિતના લાભો ચુકવી અને શાલ ઓઢાડી સાકરનો પડો-શ્રીફળ આપી શુભેચ્છા પાઠવી હતી. કોર્પોરેશનના ઈતિહાસમાં કદાચીત આ પ્રસંગ પ્રથમ હતો !

મહાપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર, ડ્રાફટ મેન, જુ.કલાર્ક અને પાંચ સફાઈ કર્મચારી ૩૧ માર્ચે નિવૃત્ત થતા કમિશ્નરની સુચના મુજબ તમામ નિવૃત્ત આઠ કર્મચારીઓના ગ્રેચ્યુઈટી અને અન્ય આર્થિક લાભો (પ્રો.ફંડ સીવાય)ના ચેક તૈયાર કરી બીજા જ દિવસો કમિશ્નર કચેરીના સભાખંડ ખાતો ચેક વિતરણ કરાયા હતા. આ તકે કમિશ્નર, ડે. કમિશ્નર અને આસિ.કમિશ્નરના હસ્તે નિવૃત્ત કર્મચારીઓને સન્માનિત કરી શાલ ઓઢડી સાકરનો પડો અને શ્રીફળનો પડો આપી શુભેચ્છા પાઠવી હતી.




# મહુવામાં પત્રકારને મારવા દોડી શખ્સે આપી ધમકી

ભાવનગર તા.૩

મહુવામાં નશો કરેલા શખ્સે પત્રકારને ગાળો આપી છરી વડે મારવા દોડી જાનથી મારી નાખવાની ધમકી આપતા પત્રકારે શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મહુવામાં રહેતા પત્રકાર અનિલભાઈ શાંતિભાઈ માઢક ગત રાત્રીના સમયે હનુમંત હોસ્પિટલ પાસે ચા પીવા માટે ગયા હતા ત્યારે ધારાસભ્ય શિવાભાઈ ગોહિલના કાર્યાલયે થયેલી માથાકૂટ અંગે ચાની કેબિન ધરાવતા માશુકભાઈ વાળાએ પૂછતાં ત્યાં હાજર નીતિન જોશી નામના નશો કરેલા શખ્સે ગાળો આપી માર મારી છરી વડે મારવા દોડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા અનિલભાઈ માઢકે શખ્સ વિરુદ્ધ મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદી સન્માન માટે ૧૧ નિશૂલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

**આજીવન શાલ, ફુલહાર કે સન્માનપત્ર નહીં સ્વિકારવા જાહેરાત કરનાર ડો.જગદિશ ત્રિવેદીનું આ રીતે કરાયું વિશિષ્ટ સન્માન**

ભાવનગર, તા.૨

હાસ્યકાર જગદીશ ત્રિવેદીએ પદ્મશ્રી એવોર્ડ મળ્યા પછી જાહેરાત કરી હતી કે હું આજીવન હવેથી શાલ, ફૂલહાર, સન્માનપત્ર કે મોમેન્ટો જેવી કોઈ સ્થુળ વસ્તુ વડે સન્માન સ્વીકારીશ નહીં પરંતુ કોઈને મારું સન્માન કરવું હોય તો સમાજસેવા કરે અને હું એમાં હાજર રહીને મારો ફાળો પણ આપીશ.

આ સદવિચારથી પ્રેરીત થઈને ૩૧ માર્ચની સવારે સુરેન્દ્રનગરના રતનપર ખાતે શહેરની સર્વશ્રેષ્ઠ શાળા દર્શન વિદ્યાલયના સંચાલક મહેશ કાનાણીએ નિશૂલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કર્યું હતું અને તેમાં આશરે પચીસ જેટલાં ગામનાં એક હજારથી વધું દર્દીઓને નિદાન સાથે ઉપચાર એટલે દવા પણ નિશૂલ્ક આપવામાં આવી હતી. જો કોઈને ઓપરેશનની જરુર જણાય તો એ પણ નિશૂલ્ક કરી આપવાની જાહેરાત કરવામાં આવી હતી.



આ પ્રસંગે ડો. શ્યામ શાહ યુવાન ડોક્ટર્સની ટીમ લઈને ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને એમણે ઉદઘાટનમાં જાહેરાત કરી કે મારા પ્રેરણામૂર્તિ એવા ડો. જગદીશ ત્રિવેદીને ૩૩ દિવસમાં પદ્મ પુરસ્કાર અને સંગીત નાટક અકાદમી એવોર્ડ એમ બે રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળ્યા એ નિમિત્તે લોકો જ્યાં બોલાવે ત્યાં હું મારી પુરી ટીમ સાથે આવીને આવા કુલ ૧૧ સર્વરોગ નિદાન કેમ્પ તદ્દન નિશૂલ્ક કરી આપીશ.

એ ક્ષણે જ સ્વામીનારાયણ વિદ્યાર્થીભૂવનનાં કોઠારી પ.પૂ. મહાત્માસ્વામીએ રામનવમીના દિવસે તા. ૧૭/૪/૨૪ના રોજ પોતાના ગુરુકુળમાં આ શ્રૃંખલાનો બીજો કેમ્પ કરવાની જાહેરાત કરી હતી તો પ્રથુગઢ શાળાના આચાર્યએ પણ એપ્રિલ માસમાં ત્રીજો કેમ્પ કરવાની જાહેરાત કરી હતી. આ સાથે જાણીતા શિક્ષણવિદ મુકેશ નિમાવતે પોતાની અણીન્દ્રા ખાતેની શાળામાં જગદીશ ત્રિવેદીના જન્મદિવસે ચોથો સર્વરોગ નિદાન કેમ્પ કરવાની જાહેરાત કરી છે.

આમ એક કલાકારના " સન્માન બદલે સમાજસેવા" ના સદવિચારથી પ્રેરીત થઈને કુલ ૧૧ જેટલાં તદ્દન નિશૂલ્ક સર્વરોગ નિદાનકેમ્પ મફત દવા અને ઓપરેશન સાથે થશે એ કોઈપણ પદ્મશ્રીને મળેલું અભૂતપૂર્વ સન્માન છે.

# ગાળો બોલવાની ના પાડતા છરી, કુહાડીથી યુવક પર હિંસક હુમલો

## ગંભીર રીતે ઈજા ગ્રસ્ત યુવકને માથામાં ૧૦ ટાંકા આવ્યા, બે શખ્સો સામે તળાજા પો.સ્ટે.માં ફરિયાદ

ભાવનગર, તા.૩

તળાજામાં દિનદયાળનગર વિસ્તારમાં ગાળો બોલી રહેલા બે શખ્સને ગાળો ન બોલવાનું કહેતા ઉશ્કેરાઈ ગયેલા આ બન્ને શખ્સે યુવક પર છરી અને કુહાડીથી હુમલો કર્યો હતો. હુમલામાં યુવકને માથાના ભાગે ગંભીર ઈંજા પહોંચી હતી અને તેને દસ ટાંકા લેવા પડ્યા હતા. તળાજા પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવની પ્રાપ્ત વિગતો પ્રમાણે શૈલેષ મનાભાઈ ભાલીયા અને દિનેશ મનાભાઈ ભાલીયા નામના યુવકો દિનદયાળનગર, ખારો ઈંગલવાળી શેરી પાસે ગાળો બોલી રહ્યાં હતા એટલે વિજય રાઠોડે આ બન્ને શખ્સને ગાળો બોલવાની ના કહેતા શૈલેષ નામના શખ્સે ઉશ્કેરાઈને કુહાડી વડે હુમલો કર્યો હતો, જ્યારે દિનેશ ભાલીયાએ છરીથી હુમલો કર્યો હતો. આ દરમિયાન વિજય નામના યુવકને માથાના ભાગે છરી મારવામાં આવતા તે સ્થળ પર જ નીચે પડી ગયો હતો એટલે બન્ને શખ્સ સ્થળ પરથી જતા રહ્યાં હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં તેને માથામાં દસ ટાંકા લેવા પડ્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નવયુગ ક્રાંતિ દ્વારા યોજાયો મહિલા સશક્તિકરણ કાર્યક્રમ




ભાવનગર, તા.૩

નવ યુગ ક્રાંતિ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા આયોજિત અને એપિક ફાઉન્ડેશન (અમદાવાદ)ના સહયોગથી મહિલા સશકિતકરણ કાર્યક્રમમાં ૧૮૧ અભિયમ મહિલા હેલ્પલાઈન તરફથી રક્ષાબેન ચૌહાણ, મહિલા કોન્સ્ટેબલ ઉપાસનાબાએ મહિલાઓને સુરક્ષા અને સલામતિ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ એપિક ફાઉન્ડેશન તરફથી મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે કપડાં ધોવાનો પાવડર, વાસણ સાફ કરવાનું લીકવીડ, ફિનાઈલ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા એપિક ફાઉન્ડેશનના અધ્યક્ષ મિલનભાઈ વાઘેલા નવ યુગ ક્રાંતિ ફાઉન્ડેશનના અધ્યક્ષ શશીભાઈ સરવૈયા ટ્રસ્ટી રોહિતભાઈ કણબી તેમજ કાર્યક્રમ સંચાલક પ્રકાશભાઈ ચાંપાનેરી સહીત કાર્યકરોએ સેવા આપી હતી.

# ભાવનગરમાં ૧૯૯૫ પહેલાના ફ્લેટ, કોમ્પ્લેક્ષના સ્ટ્રક્ચર સ્ટેબિલીટી રિપોર્ટ કરાવવા તાકીદ

## જર્જરિત અને ભયજનક મિલ્કતો સંદર્ભે જાગૃતિ દાખવી પગલા લેવા કોર્પોરેશનની જાહેર નોટિસ

ભાવનગર, તા.૩

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ચોમાસાની સીઝનને ધ્યાને લઈ મહાનગરપાલિકાની હદમાં આવેલ જરિત મકાનો, બાંધકામવાળી મિલકતો જે જર્જરિત હાલતમાં હોય અને જોખમકારક બનેલ હોય તેવા જર્જરિત મકાનો, મિલકતો ભારે વરસાદ કુદરતી હોનારત કે અન્ય કારણોસર તૂટી પડે અને કોઈના જાન માલને નુકસાન ન થાય તે હેતુસર જી.પી.એમ.સી ની કલમ-૨૬૪ અન્વયે આવી જર્જરિત મિલકતો પાડી નાખવા, સુરક્ષિત કરવા, મરામત કરાવી લેવા કે ઉતારી લઈ ભયમુક્ત કરવા લાગતા વળગતા સબંધિત તમામ મિલકત ધારકો, ભોગવટો કરનારને તાકીદે જરૂરી કાર્યવાહી હાથ ધરવા તાકીદ કરાઈ છે.

ઉપરાંત અગમચેતીરૂપે જરૂરી પગલા લેવા,જાતે ચકાસણી કરી ભયમુક્ત કરવા અથવા દુર કરવા બાંધકામ વર્ષ ૧૯૯૫ પહેલાના જુના ફ્લેટ, કોમ્પલેક્ષ પ્રકારની તમામ મિલકતો લાયસન્સ હોલ્ડર સ્ટ્રક્ચર ઈજનેર પાસેથી સ્ટ્રક્ચર સ્ટેબીલીટી રીપોર્ટ કરાવી તાત્કાલિક ધોરણે સ્ટ્રક્ચર સ્ટેબીલીટી ચેક કરાવવા અને દિન-૧૫ માં સ્ટ્રક્ચર સ્ટેબીલીટી રિપોર્ટ એસ્ટેટ વિભાગે રજુ કરવા તાકીદ કરાઈ છે. આ અંગે સબંધિતો દ્વારા સમય મર્યાદામાં જરૂરી કાર્યવાહી ન કરવાથી જો કોઈ આકસ્મિક ઘટના બનશે અને જાહેર જનતાને અથવા તો કોઈના જાનમાલને નુકશાન થશે તો તે અંગેની તમામ જવાબદારી સબંધિતોની રહેશે તેમજ મહાનગરપાલિકા દ્વારા જે-તે બિલ્ડીંગના નળ, ગટર અને વિજ કનેકશન કટ કરવામાં આવશે જેની ખાસ ગંભીર નોધ લેવા જણાવાયું છે.

# PNR સોસાયટીમાં વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડેની કરાયેલી ઉજવણી




ભાવનગર,તા.૩

PNR સોસાયટી ભાવનગર સંચાલિત કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ દ્વારા, નટરાજ કોલેજના ઓડિટોરિયમમાં "વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડે નો કાર્યક્રમ હર્ષભેર ઉજવાય ગયો. દિવ્યાંગ બાળકો દ્વારા "રામ ઘર આયેંગે" દૃષ્ય સહિતની અન્ય કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના બાબાભાઈ, સેક્રેટરી જનરલ પારસભાઈ શાહ, માનદ મંત્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર હર્ષકાન્તભાઈ રાખશિયા, પરમાર્થ ફાઉન્ડેશનના બિપીનભાઈ શાહ તથા સ્કૂલના ૭૦ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને તેઓના વાલીઓએ વિવિધ કૃતિઓને તાલીઓથી વધાવી હતી. દિવ્યાંગ બાળકોએ મહાનુભાવોનું સ્મૃતિ ભેટ આપી, સ્વાગત કરેલ. ઉપસ્થિત મહાનુભાવોએ દિવ્યાંગ બાળકોને ફૂલ પાંદડીનો સેટ તથા ટીચિંગ એજ્યુકેશન કુશન ભેટ આપ્યાં હતાં. આખા દિવસના યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં દિવ્યાંગોની સ્પીચ અને હલન ચલનમાં થતાં સુધારાની ઝલક, તથા બધા દિવ્યાંગ બાળકો અતાક્ષરી રમ્યા હતાં અને તેઓએ ગીતો લલકાર્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જીજ્ઞાબેન સોલંકીએ ઓટિઝમ સ્કૂલના શિક્ષકોની મદદથી કર્યું હતું.

# મોતીયોના ઓપરેશન માટે નિશુલ્ક તપાસ નિદાન કેમ્પ

ભાવનગર, તા.૩

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ વી.સી.લોઢાવાળા ખાતે તા.૮ને સોમવારે મોતીયાના નિશુલ્ક ઓપરેશન માટે નિશુલ્ક તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં આંખના નિષ્ણાંત ડો હર્ષાબેન મહેશ્વરી સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા ડો.નિશાબેન ચૌહાણ ૪ થી ૬ દરમ્યાન દર્દીઓને વિનામૂલ્યે તપાસી નિદાન કરશે અને મોતીયા હોય તેઓને વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. જેનો જરૂરીયાત મંદ દર્દીઓએ લાભ લેવા સંસ્થા દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

# લાખણકા નજીક કાર અડફેટે બાઈક ચાલકનું મોત નિપજ્યું

ભાવનગર, તા.૩

વલભીપુરના લાખણકા ગામે રહેતા ભગવાનભાઈ જીવાભાઈ પરમાર ઉં.વ.૭૪ મંગળવારે વલભીપુરથી લાખણકા ગામે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે લાખણકા ગામના ઢાળ પાસે પહોંચતા એક ટીગોર કાર નંબર જીજે ૦૪ીફ્ર ૫૮૮૭ના ચાલકે તેની ફોરવીલ કાર પૂરપાટ ઝડપે અને લોકોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી ભગવાનભાઈની મોટર સાયકલ સાથે ભટકાડી દેતા તેને ગંભીર ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયા હતા.જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ફોરવીલ ચાલક કાર લઈને નાશી છૂટ્યો હતો. વલભીપુર પોલીસે કાર ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# ભાવનગરની યુવતીએ અમદાવાદના સાસરીયા સામે નોંધાવી ફરિયાદ

ભાવનગર, તા.૩

અમદાવાદ ખાતે રહેતા સાસરીયાઓ દ્વારા ઘરકામ બાબતે અસહ્ય શારિરીક અને માનસિક ત્રાસ આપતાં હોવાથી સાસરીયાઓના ત્રાસથી કંટાળી જઈ ભાવનગરની મહિલાએ પતિ સહિતના પાંચ સાસરીયાઓ સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ભાવનગરની રોશની કુકડેજાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે વર્ષ ૨૦૨૦માં તેના લગ્ન અમદાવાદ ખાતે અનિલ રામભાઈ કુકડેજા સાથે થયા હતા. લગ્ન બાદ તમામ સાસરીયાઓ ત્રાસ આપતાં હોવાથી તેણે પતિ અનિલ કુકડેજા, સલોચનાબહેન રામભાઈ કુકડેજા, સોનીબહેન સોનુભાઈ ધ્યાનાણી, આઈશા સંજય ધ્યાનાણી અને અનિતાબહેન લલીતા ધ્યાનાણી સામે ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે પાંચ સાસરીયા સહિતના સામે વિધીવત રીતે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## અવસાન નોંધ

### સિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ મરણ

ભાવનગર નિવાસી નિરંજનભાઈ વ્રજલાલ દવે (ઉ. વ. ૮૫) (મેડીમિક્સ લેબ) કે જેઓ ગં. સ્વ. ઉર્વશીબેન નિરંજનભાઈ દવેના પતિ તા.૩૧-૩ને રવિવારના રોજ કૈલાશવાસી થયેલ છે. તે મનીષભાઈ દવે (એલ આઈ સી), શીતલબેન અકોલકરના પિતાશ્રી તેમજ મહેશભાઈ, સ્વ. ઉપેન્દ્રભાઈ, પ્રતિમાબેન, સ્વ. નિલાબેન તથા યોગીનીબેનના ભાઈ તેમજ ચંદ્રકાન્તભાઈ (બાબુભાઈ) દવેના પિતરાઈ ભાઈ તેમજ સુધીરભાઈ ભટ્ટ (એસબીઆઈ), જ્યોતિબેન મધુકાન્તભાઈ પંડ્યા (યુએસએ)ના બનેવી તેમજ અજયભાઈ અકોલકર (સમર્થ એસોસીએટ), ધરતીબેન દવેના સસરા તેમજ ઉમંગીના નાના તેમજ જીતેન તથા અક્ષયના મોટા પપ્પા તેમજ સ્વ. બિહારીભાઈ, સ્વ. ઇલાબેન પંડ્યાના વેવાઈ થાય. તેમની બંને પક્ષની સાદડી તા.૪-૪ને ગુરુવારના રોજ સાંજે ૪-૩૦ થી ૬-૩૦ રામવાડી વિભાગ ૪ ખાતે રાખેલ છે.

અનુ.પાના ૮નું શરૂ...

## વાડીમાં ગેરકાયદે ગાયો ચરાવી

આ અંગેની જે તે સમયે ભાર્ગવભાઈએ અશોકભાઈ અરજણભાઈ ખાંભલીયા, ભરતભાઈ ભીખાભાઈ ખાંભલીયા, ગોકુળભાઈ ભગવાનભાઈ આલ, હીપાભાઈ જબરાભાઈ ખાંભલીયા, વિપુલભાઈ કાળુભાઈ ખાંભલીયા, તથા સંજયભાઈ સામંતભાઈ આલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૭, ૩૪૭, ૫૦૪, ૫૦૬-૨, ૧૧૪ તેમજ ગુજરાત પંચાયત ધારાની કલમ ૧૮૩ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ આ અંગેનો કેસ આજરોજ પાલીતાણા કોર્ટમાં ચાલી જતા અદાલતે ફરિયાદ તરફથી રજૂ કરાયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા, સરકારી વકીલ શૈલેષ આર. વનાળીયાની દલીલોને ગ્રાહ્ય રાખી તમામ છ આરોપીઓને કસુરવાર ઠેરવી એક એક વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

# મોટી પાણીયાળીના તલાટીને ધમકી આપનાર બે શખ્સોને ૨ વર્ષની સજા

ભાવનગર, તા.૩

ત્રણ વર્ષ પહેલા તલાટી મંત્રીને ગૌચરની જમીનના દબાણની તપાસ માટે સાથે આવવાનું કહી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપવાના બનાવમાં સંડોવાયેલા બે આરોપીને કોર્ટે બે વર્ષની સાદી કેદની સજાનો આદેશ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે, તા.૨૯,૯,૨૦૨૦ના રોજ મોટીપાણીયાળી ગામે ગ્રામ પંચાયતની ઓફિસમાં કનુભાઈ વાળા અને ભરતભાઈ વાળા ગયા હતા. તેમણે ઓફિસમાં ફરજ પર હાજર તલાટી મંત્રી સાથે માથાકુટ કરી ગાળો આપી હતી અને ધમકી આપી હતી. આ અંગેનો કેસ અદાલતમાં ચાલી જતાં ન્યાયાધીશે આરોપીને જાનથી મારી નાંખવાની ધમકી આપવાના ગુનામાં બે વર્ષની સાદી કેદ તેમજ ગાળો આપવાના ગુનામાં પણ બે વર્ષની સાદી કેદની સજાનો આદેશ કર્યો હતો.

**અરજદાર તરફે વિ.વ. શ્રી જે.એમ.ગોહિલ**

**પાલીતાણાના મ્હે. એડી.ચીફ જ્યુડી. મેજી.સાહેબની કોર્ટમાં,**

**(શ્રી આર.વી.પટેલસાહેબની કોર્ટમાં)**

અબ્બાસભાઈ ઈકબાલભાઈ મતવા,
ઉવ.આ.૪૩, ધંધો-કેબલ ઓપરેટર,
રહે.નાની રાજસ્થળી, તા.પાલીતાણા ...અરજદાર

પર.ફોજ અરજી નં. ૧૬૩/૨૦૨૪
મુ. તા : ૦૨/૦૫/૨૦૨૪

વિરૂધ્ધ

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
નાની રાજસ્થળી ગ્રામ પંચાયત કચેરી,
જન્મ મરણ વિભાગ, ગામ-નાની રાજસ્થળી ગામ,
તા.પાલીતાણા જી.ભાવનગર .....સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે આ કામના ઉપરોક્ત જણાવેલ અરજદારે તેમનો પોતાનો જન્મ તા.૧૩/૦૪/૧૯૮૧ના રોજ ગામ-નાની રાજસ્થળી ગામ, તા.પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મતલબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દાખલ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૦૨/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૧૦ : ૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તા.૨૮ માહે : માર્ચ, સને-૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર,
(વી.એમ.ગોહીલ)
આસિસ્ટન્ટ.
જ્યુડી.મેજીસ.ફ.ક.કોર્ટ,
પાલીતાણા

હુકમથી
(એચ.આર.ગોહેલ)
ડે. રજીસ્ટ્રાર
જ્યુડી. મેજી. કોર્ટ, પાલીતાણા

## દુનિયાના શકિતશાળી દેશોમાં ભારત ૧૨મા સ્થાને

# અમેરિકા ૨૭.૯૭ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા સાથે નં.-1, બીજા ક્રમે ચીન



નવીદિલ્હી,


દુનિયાભરમાં અવારનવાર શકિતશાળી અને નબળા દેશોની વાતો થતી રહે છે. સામાન્ય રીતે, દેશોની તાકાત સૈન્ય શકિતના સંદર્ભમાં જોવામાં આવે છે, પરંતુ વૈશ્વિક ક્ષેત્રે, શકિતનું પ્રમાણ બહત્પ-પરિમાણીય છે. આમાં, લશ્કરી શકિતની સાથે, રાજકીય પ્રભાવ અને દેશના આર્થિક સંસાધનો પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય જોડાણોમાં પણ તેનો પ્રભાવ જોવા મળે છે.

યુએસ ન્યૂઝે ૨૦૨૪માં વિશ્વના ટોચના શકિતશાળી દેશોની રેક્કિંગ જાહેર કરી છે. આ રેક્કિંગ તૈયાર કરવા માટે પાંચ પાયા નક્કી કરવામાં આવ્યા છે. આ છે - એક નેતા (વિશ્વમાં નેતૃત્વ), આર્થિક પ્રભાવ, રાજકીય પ્રભાવ, મજબૂત આંતરરાષ્ટ્રીય જોડાણ અને મજબૂત સૈન્ય યુએસ ન્યૂઝનું આ રેક્કિંગ મોડલ બીએવી ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે, જે વૈશ્વિક માર્કેટિંગ કોમ્યુનિકેશન કંપની ડબલ્યુપીપીએકમ છે. ઉપરાંત, યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયાના વોર્ટન સ્કૂલના પ્રોફેસર ડેવિડ રીબસ્ટીનની આગેવાની હેઠળના સંશોધકોએ યુએસ ન્યૂઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટના સહયોગથી તેને તૈયાર કયુ છે. રેક્કિંગમાં માર્ચ મહિના માટે જીડીપીના આધારે અર્થતત્રં અને વસ્તીનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ યાદીમાં અમેરિકા ૨૭.૯૭ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા સાથે ટોચ પર છે. અમેરિકાની વસ્તી ૩૩૯.૯ મિલિયન છે.

# રાજયપાલ દેવવ્રતજી રામ મંદિરની ભવ્યતા અને દિવ્યતાના દર્શન કરીને ભાવવિભોર

અયોધ્યા,

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પરિવારજનો સાથે અયોધ્યામાં શ્રી રામલલ્લાના દર્શન કર્યા હતા. રામમંદિરની ભવ્યતા, સુંદરતા અને દિવ્યતાથી તેઓ અભિભૂત થયા હતા. ભાવવિભોર થયેલા શ્રી આચાર્ય દેવવ્રતજીએ રામ મંદિરની વ્યવસ્થા અને ભાવિક-ભક્તોના દર્શન માટેના આયોજન બાબતે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.



રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અયોધ્યાના મહર્ષિ વાલ્મિકી આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે પહોંચ્યા ત્યારે સ્થાનિક વહીવટી તંત્રએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પરિવારજનો સાથે રામ મંદિરની મુલાકાત લીધી હતી. રામ મંદિરની ભવ્યતા, સુંદરતા અને દિવ્યતાના દર્શન કરીને તેઓ ભાવવિભોર થયા હતા.

# ચૂંટણી પછી ભારત સાથેના સંબંધો સુધરી શકે છે : પાકિસ્તાની રક્ષા મંત્રી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે આશા વ્યક્ત કરી છે કે ભારતમાં સામાન્ય ચૂંટણી બાદ બંને દેશો વચ્ચેના સંબંધો સુધરી શકે છે. ખ્વાજા આસિફનું આ નિવેદન ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરના નિવેદન બાદ આવ્યું છે, જેમાં તેમણે સિંગાપોરમાં કહ્યું હતું કે પાકિસ્તાનમાં આતંકવાદે ઉદ્યોગનું સ્વરૂપ લીધું છે અને હવે ભારત આતંકવાદને સહન નહીં કરે. સોમવારે ઈસ્લામાબાદમાં પાકિસ્તાની સંસદની બહાર મીડિયા સાથે વાત કરતા પાકિસ્તાની રક્ષા મંત્રીએ કહ્યું કે 'ત્યાંની સામાન્ય ચૂંટણીઓ બાદ ભારત સાથેના અમારા સંબંધો સુધરી શકે છે.'

છેલ્લા ઘણા સમયથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ખરાબ છે અને ખાસ કરીને ૨૦૧૯માં જયારે ભારતે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનો નિર્ણય કર્યો ત્યારે પાકિસ્તાને તેનો વાંધો ઉઠાવતા ભારતમાંથી પોતાના રાજદૂતને પાછા ખેંચી લીધા હતા. ત્યારથી બંને દેશો વચ્ચેના સંબંધોમાં સતત ખટાશ આવી રહી છે. પાકિસ્તાનનું કહેવું છે કે ભારતે પહેલા જમ્મુ-કાશ્મીરમાં લીધેલા પોતાના એકપક્ષીય નિર્ણયને પાછો ખેંચવો પડશે, તો જ બંને દેશોના સંબંધો સુધરશે.

# વડાપ્રધાન મોદી રજા લેતા નથી અને રાહુલ ગાંધી વિદેશમાં રજા ગાળે છે : અમિત શાહ

બેંગ્લુરૂ,

દેશભરમાં લોકસભાની ચૂંટણીને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. જીત હાંસલ કરવા માટે તમામ પક્ષો વચ્ચે નિવેદનબાજીનો સિલસિલો પણ જોર પકડી રહ્યો છે. હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા છે. વાસ્તવમાં શાહ ઉત્તર બેંગ્લોર લોકસભા સીટ પર બીજેપી કાર્યકર્તાઓને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે ભારતના ગઠબંધનને પરિવારવાદીઓનું ગઠબંધન ગણાવ્યું હતું.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે ભાજપ કર્ણાટકની તમામ ૨૮ લોકસભા બેઠકો



જીતશે. વિપક્ષી પાર્ટીઓ પર ભ્રષ્ટાચાર અને કૌભાંડોનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે ભાજપની આગેવાની હેઠળના એનડીએ અને કોંગ્રેસના નેતૃત્વવાળા ભારત ગઠબંધન વચ્ચે કોઈ સ્પર્ધા નથી. આ દરમિયાન શાહે રાહુલ ગાંધી પર પણ કટાક્ષ કર્યો અને કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્યારેય રજા લેતા નથી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ઉનાળો શરૂ થતાં જ વિદેશ પ્રવાસે જાય છે. આવી સ્થિતિમાં બંને વચ્ચે કોઈ સ્પર્ધા નથી. વાસ્તવમાં, અમિત શાહ ઉત્તર બેંગલુરુના પેલેસ ગ્રાઉન્ડમાં પાંચ લોકસભા મતવિસ્તારના પાવર સેન્ટર વડાઓની કોન્ફરન્સને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન કેન્દ્રીય મંત્રીએ વિપક્ષને પરિવારવાદીઓનું ગઠબંધન ગણાવ્યું. તેમણે દાવો કર્યો હતો કે મનમોહન સિંહ અને સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસે તેના ૧૦ વર્ષના શાસન દરમિયાન ૧૨ લાખ કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું હતું. તેમણે કહ્યું કે ૨૦૧૪માં કર્ણાટકની જનતાએ અમને ૧૭ સીટો પર જીત અપાવી હતી.

## રાજસ્થાનમાં તમામ બેઠકો પર ભાજપની જીત નક્કી : મુખ્યમંત્રી શર્મા

જયપુર,

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા દાવા સાથે કહ્યું કે આ ચૂંટણીમાં ભાજપની જ જીત થશે. એક જાહેર સભામાં શર્માએ સતત ત્રીજી વખત રાજયની તમામ બેઠકો પર ભાજપની જીતનો દાવો કર્યો છે. ભાજપ નિશ્ચિત જીતનો દાવો કરી રહ્યું છે ત્યારે રાજસ્થાનમાં લોકસભાની ચૂંટણી લડવા માટે કોંગ્રેસના નેતાઓની અનિચ્છા સતત સામે આવી રહી છે. કોંગ્રેસ તમામ ૨૫ સીટો પર ઉમેદવારો જાહેર કરવામાં વધુ સમય થઈ રહ્યો છે. ચૂંટણી લડવામાં કોંગ્રેસના ઉમેદવારો પીછેહઠ કરી રહ્યા છે. ઉમેદવારોની અનિચ્છાને લઈને કહેવાય છે કે ૨૦૧૪ અને ૨૦૧૯માં રાજયની તમામ ૨૫ લોકસભા બેઠકો પર કોંગ્રેસની મળેલ કારમી હાર બાદ રાજયના વરિષ્ઠ નેતાઓ ચૂંટણી લડવાનું ટાળી રહ્યા છે.

દેશમાં ૧૮મી લોકસભાની ચૂંટણીની જોરદાર તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે. તમામ પક્ષો પોતાની જીત સુનિશ્ચિત કરવા પ્રચારમાં વ્યસ્ત છે. મધ્યપ્રદેશમાં પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ અને છત્તીસગઢમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ જેવા દિગ્ગજ નેતાઓ કોંગ્રેસ પાર્ટી તરફથી ચૂંટણી લડી રહ્યા છે, પરંતુ રાજસ્થાનમાંથી કોઈ વરિષ્ઠ નેતા ચૂંટણી લડ્યા નથી.

# સાંસદ સંજય સિંહને જામીન મળતા ૬ મહિના બાદ જેલની બહાર આવશે

નવીદિલ્હી,તા.૨

દારુ કૌભાંડમાં જેલમાં બંધ આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહને મોટી રાહત મળી છે. કોર્ટે તેમને જામીન આપ્યાં છે. દારુ કૌભાંડમાં જેલમાં બંધ આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહને મોટી રાહત મળી છે.સુપ્રીમ કોર્ટની જજોની બેન્ચે તેમને જામીન આપી દીધા છે. દિલ્હી દારુ કૌભાંડમાં સંજય સિંહ છેલ્લા છ મહિનાથી જેલમાં બંધ હતા અને હવે તેઓ જેલમાંથી બહાર આવશે અને રાજકીય ગતિવિધિઓમાં પણ ભાગ લઈ શકશે.

સંજીવ ખન્ના, જસ્ટિસ દીપાંકર



દત્તા અને જસ્ટિસ પીબી વરલેની બનેલી ત્રણ જજોની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી હતી. ખંડપીઠે ઈડીને પૂછ્યું હતું કે સંજય સિંહને હજી જેલમાં કેમ રાખવાની જરૂર છે? સંજયસિંહના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે મની લોન્ડરિંગની પુષ્ટિ થઈ નથી અને પૈસાનું પગેરુ પણ મળ્યું નથી. આમ છતાં સંજય સિંહ ૬ મહિનાથી જેલમાં છે.

સુપ્રીમ કોર્ટે મની લોન્ડરિંગના કેસમાં તેમની ધરપકડ અને રિમાન્ડને પડકારતી સંજયસિંહની અરજી પર સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે સંજયસિંહના વકીલની એ દલીલને સ્વીકારી લીધી હતી કે સંજયસિંહના કબજામાંથી કોઈ પૈસા મળ્યા નથી અને તેમની સામે બે કરોડની લાંચ લેવાના આક્ષેપોની તપાસ થઈ શકે છે.

## વરૂણ ગાંધી હવે શું કરશે તે ચૂંટણી પછી વિચારણા કરીશું- મેનકા ગાંધી

સુલ્તાનપુર,

બીજેપી સાંસદ વરુણ ગાંધીની ટિકિટ રદ થયા બાદ તેમની માતા અને બીજેપી સાંસદ મેનકા ગાંધીનું નિવેદન સામે આવ્યું છે. મેનકાએ કહ્યું છે કે તે ખૂબ જ ખુશ છે કારણ કે તે ભાજપમાં છે. આ માટે મેનકાએ પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાનો પણ આભાર માન્યો હતો. 'વરુણ ગાંધી હવે શું કરશે?' આ સવાલના જવાબમાં મેનકાએ કહ્યું કે તમારે તેને પૂછવું જોઈએ કે તે શું કરવા માંગે છે. ચૂંટણી પછી આ અંગે વિચારણા કરીશું. સમય છે.

મેનકા ગાંધીએ કહ્યું કે હું ખૂબ જ ખુશ છું કે હું ભાજપમાં છું. મને ટિકિટ આપવા માટે હું અમિત શાહ, પીએમ મોદી અને જેપી નડ્ડાનો આભાર માનું છું. ટિકિટની જાહેરાત ખૂબ જ મોડી થઈ, તેથી મારે ક્યાં લડવું જોઈએ તે અંગે મૂંઝવણ હતી. પીલીભીત અથવા સુલતાનપુરથી. તેમણે કહ્યું કે પાર્ટીએ હવે જે નિર્ણય લીધો છે તેના માટે હું આભારી છું. હું ખૂબ જ ખુશ છું કે હું સુલ્તાનપુર પાછો આવ્યો કારણ કે આ સ્થાનનો ઈતિહાસ છે કે સુલતાનપુરમાં કોઈ સાંસદ ફરી સત્તામાં નથી આવ્યા. ટિકિટ મળ્યા બાદ સુલતાનપુરની આ તેમની પ્રથમ મુલાકાત હતી.

# ભારતીય ઉત્પાદનનો વિરોધ કરતા પહેલા પત્નીઓની સાડીઓ બાળો, શેખ હસીના

**વિપક્ષના સતત આક્રમક વલણને જોઈને બાંગ્લાદેશના વર્તમાન વડાપ્રધાન શેખ હસીનાએ હવે જડબાતોડ જવાબ આપ્યો**



ઢાકા,

માલદીવની જેમ બાંગ્લાદેશમાં પણ ભારત વિરુદ્ધ વિરોધની લહેર જોવા મળી રહી છે. અહીંની વિપક્ષી પાર્ટી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી સતત ભારત વિરુદ્ધ ઝેર ઓકતી રહી છે.

વિપક્ષના સતત આક્રમક વલણને જોઈને બાંગ્લાદેશના વર્તમાન વડાપ્રધાન શેખ હસીનાએ હવે જડબાતોડ જવાબ આપ્યો છે. તેમનું કહેવું છે કે જે લોકો ભારતીય ઉત્પાદનોનો સતત વિરોધ કરી રહ્યા છે તેઓએ પહેલા તેમની પત્નીની સાડીઓ બાળવી જોઈએ. આટલું જ નહીં બાંગ્લાદેશની મહિલા પીએમએ વિપક્ષી નેતાઓને સવાલો પણ પૂછ્યા છે. તેઓ કહે છે કે પહેલા તેઓએ જણાવવું જોઈએ કે તેમની પત્નીઓ પાસે હાલમાં કેટલી ભારતીય સાડીઓ છે અને તેઓએ હજુ સુધી તેને શા માટે સળગાવી નથી.

## અતીક અહેમદના પરિવારની બે લેડી ડોન પર રૂા.૫૦ હજારનું ઈનામ જાહેર

પ્રયાગરાજ,

પ્રયાગરાજ પોલીસે ઉમેશ પાલ હત્યા કેસમાં આરોપી અતીક અહેમદના ભાઈ અશરફની પત્ની ઝૈનબ ફાતિમા અને અતીક અહેમદની બહેન આયેશા નૂરીને ઈનામની જાહેરાત કરી છે. પોલીસ કમિશનરે બંને આરોપી મહિલાઓ પર ૨૫-૨૫ હજાર રૂપિયાનું ઈનામ રાખ્યું છે. હવે પોલીસ માફિયાની પત્ની અને બહેનની ધરપકડ કરનારને ૨૫,૦૦૦ રૂપિયાનું ઈનામ આપશે. અશરફની પત્ની ઝૈનબ અને અતીક અશરફની બહેન આયેશા નૂરી ઉમેશ પાલ મર્ડર કેસના ૧૦ દિવસ બાદ પણ ફરાર છે.

પોલીસે બંને આરોપીઓના ઘરે કબજે કરવાની કાર્યવાહી પણ હાથ ધરી છે. ઝૈનબ પ્રયાગરાજના હટવામાં રહેતી હતી જયારે આયેશા નૂરી મેરઠમાં રહેતી હતી. બંને હજુ પોલીસની પહોંચની બહાર છે. આથી પોલીસે બંને મહિલાઓ પર ઈનામ જાહેર કર્યું છે. જો બંને ન પકડાય તો ઈનામની રકમ વધુ વધારી શકાય છે. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ, ઉમેશ પાલ અને તેના બે સરકારી ગનર્સને ગોળી અને બોમ્બથી માર્યા ગયા.

# આપના વધુ ચાર મોટા નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવશે, ઈડી વધુ દરાડો પાડશેઃ આતિશી

નવીદિલ્હી,

દિલ્હીના મંત્રી આતિશીએ આજે પ્રેસ કોન્ફરન્સ કરીને મોટો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે ઈંઢ મારા ઘર પર દરોડા પાડી શકે છે અને આગામી દિવસોમાં મને જેલમાં પણ ધકેલી શકાય છે. તેણે એમ પણ કહ્યું કે સૌરભ અને રાઘવ ચઢ્ઢાની પણ ધરપકડ થઈ શકે છે. આતિશીએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ રાજીનામું નહીં આપે.

આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ ખુલાસો કર્યો છે કે



બીજેપીના એક નેતાએ તેની નજીકની વ્યક્તિનો સંપર્ક કર્યો છે. તેને કહેવામાં આવ્યું છે કે જો આતિશી તેની કારકિર્દી બચાવવા માંગતી હોય તો તે જલ્દી જ ભાજપમાં જોડાઈ જાય, નહીં તો તેની પણ ધરપકડ કરવામાં આવશે. તેમને ખબર પડી કે ભાજપ આમ આદમી પાર્ટીને કચડી નાખવા માંગે છે. તેની સાથે આ એપિસોડમાં સૌરવ ભારદ્વાજ, રાઘવ ચઢ્ઢા અને દુર્ગેશ પાઠકની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. તેમના ઘરો પર પણ દરોડા પાડવામાં આવશે અને પછી સમન્સ મોકલવામાં આવશે. તે દરમિયાન તેની ધરપકડ કરવાની યોજના છે.આપ નેતા આતિશીએ કહ્યું કે આગામી દિવસોમાં મને, દુર્ગેશ, સૌરભ ભારદ્વાજ અને રાઘવ ચઢ્ઢાને જેલમાં ધકેલી દેવામાં આવશે. આગામી દિવસોમાં મારા ઘર, મારા પરિવારના સભ્યોના ઘર અને મારા સંબંધીઓના ઘર પર ઈડીના દરોડા પાડવામાં આવશે. આ પછી, અમને સમન્સ મોકલવામાં આવશે અને પછી અમારી ચારેયની ધરપકડ કરવામાં આવશે. પણ આપણે ભગતસિંહના શિષ્યો છીએ. અમે ભાજપની આ ધમકીઓથી ડરવાના નથી. તમારા દેશનો દરેક નેતા અને કાર્યકર દેશની સેવા કરવા તૈયાર છે.

## મધ્યપ્રદેશમાં ચૂંટણી પ્રચારમાં હવે ઉમેદવારોની પત્નીઓએ ઝંપલાવ્યું

ભોપાલ,

મધ્યપ્રદેશમાં લોકસભા ચૂંટણી પ્રચાર વધુ રસપ્રદ બન્યો છે. આ વખતે બેઠક પરના ઉમેદાવારોની પત્નીઓએ પણ પ્રચારમાં ઝંપલાવતા મતદારોના ઉત્સાહમાં વધારો દેખાયો છે. અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો જ પોતાનો પ્રચાર કરતા હતા પરંતુ હવે આ ઉમેદવારોની પત્નીઓ પણ પોતાના પતિ માટે ઘર છોડીને ચૂંટણી મેદાનમાં ઉતરી છે.

મોટા ભાગના ઉમેદવારો પુરૂષ મતદારોની વચ્ચે પહોંચીને તેમના સમર્થનમાં બને તેટલું વધુ મતદાન કરવા અપીલ કરતા જોવા મળે છે, ત્યારે તેમની પત્નીઓ મહિલા શક્તિ સુધી પહોંચીને તેમના પતિના ગુણો વિશે જણાવે છે અને તેમને મતદાન કરવા કહે છે. .

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને વિદિશા લોકસભા સીટ પરથી બીજેપીના ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. શિવરાજ સિંહ ચૌહાણ સમગ્ર સંસદીય સીટ પર પ્રચારમાં વ્યસ્ત છે, ત્યારે તેમની પત્ની સાધના સિંહ ચૌહાણ પણ તેમના પતિને પગલું-દર-પગલાં સમર્થન આપી રહી છે. એ જ રીતે છિંદવાડા લોકસભા સીટ પરથી કોંગ્રેસ તરફથી ઉમેદવાર બનાવવામાં આવેલા નકુલ નાથને તેમની પત્ની પ્રિયા નાથનું સમર્થન છે.

# રામ પર કોઈનો ઈજારો નથી, ઈન્ડિયા એલાયન્સને બહુમત મળશે : પાયલોટ

જયપુર,

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સચિન પાયલોટે કહ્યું કે ભગવાન રામ દરેકના છે. ભાજપ ગમે તેટલી કોશિશ કરે, ભગવાન રામ કે ધર્મ પર તેની એકાધિકાર નથી. તેમણે એમ પણ કહ્યું કે ભારત ગઠબંધન લોકસભાની ચૂંટણી ભાવનાત્મક મુદ્દાઓને બદલે જાહેર મુદ્દાઓ પર લડશે.

ઉત્તર ભારતમાં રામ મંદિરની લહેર અને તેના પર ભારત ગઠબંધનની રણનીતિ અંગે પાયલટે કહ્યું કે મને લાગે છે કે આ ચૂંટણી એવા મુદ્દાઓ પર લડવામાં આવશે



જે આપણા વર્તમાન અને ભવિષ્ય સાથે સુસંગત છે. બંધારણીય સંસ્થાઓને નુકસાન થઈ રહ્યું છે, જે એક મોટો મુદ્દો છે. અમે ઈચ્છીએ છીએ કે યુવાનો, મહિલાઓ અને ખેડૂતોની સમસ્યાઓ સામે લાવવામાં આવે. અમે એમએસપીની કાનૂની ગેરંટી આપવા માંગીએ છીએ. આ બાબતો સામાન્ય મતદારને ફરક પાડે છે. મને નથી લાગતું કે ધર્મ, હિન્દુ-મુસ્લિમ, મંદિર-મસ્જિદના મુદ્દાઓથી ભારતીય મતદારોને કોઈ ફરક પડશે. આર્થિક નીતિ, રોજગારી સર્જન, મોંઘવારી ઘટાડવા અને ખેડૂતોના સારા ભવિષ્યને સુનિશ્ચિત કરવાના મુદ્દાઓ પર ચૂંટણી લડવામાં આવશે. પાયલોટે કહ્યું કે સુપ્રીમ કોર્ટે પોતાનો અંતિમ નિર્ણય આપ્યો જે દરેકને સ્વીકાર્ય હતો.

## હજુ ઝારખંડમાં 'ભારત' ગઠબંધનની બેઠકોની વહેંચણીમાં સમસ્યા યથાવત

રાંચી,

ભારતીય ગઠબંધનમાં સીટોની વહેંચણીને લઈને ઘણા મતભેદો જોવા મળી રહ્યા છે. તાજેતરનો કેસ ઝારખંડનો છે જયાં આરજેડી 'ભારત' ગઠબંધન હેઠળ બે લોકસભા બેઠકો પર તેના ઉમેદવારો ઉભા કરવા માટે મક્કમ છે, જયારે કોંગ્રેસ અને જેએમએમના નેતૃત્વ તેના માટે માત્ર એક બેઠક છોડવા માટે સંમત થયા છે.

આરજેડીના પ્રદેશ અધ્યક્ષ સંજય કુમાર સિંહ યાદવ અને ઝારખંડ સરકારના મંત્રી સત્યાનંદ ભોક્તાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, "કાર્યકરોની અપેક્ષા છે કે અમારી પાર્ટીના ઉમેદવારોને ચતરા અને પલામુ બેઠકો પરથી ઉતારવામાં આવે. અમે ગઠબંધનમાં અન્ય પક્ષોના નેતૃત્વને અપીલ કરી છે. અમારી લાગણી." અમે તેમને જાણ કરી છે અને અમને આશા છે કે અમારા દાવાને સ્વીકારવામાં આવશે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલુ પ્રસાદ પણ કાર્યકર્તાઓની ભાવનાઓ સાથે સહમત છે. તેઓ જે પણ સૂચના આપશે તે અમને સ્વીકારવામાં આવશે." ઝારખંડમાં 'ભારત' ગઠબંધને હજુ સુધી સીટ વહેંચણીની સત્તાવાર જાહેરાત કરી નથી.

# કાશ્મીર મુદ્દે સરદાર પટેલે નહેરુને ચેતવ્યા હતા પરંતુ...એસ.જયશંકર

અમદાવાદ,

અમદાવાદમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને સંબોધતા વિદેશ મંત્રીએ કહ્યું કે એક સમય હતો જયારે ભારતના વડાપ્રધાન 'ચાઈના ફર્સ્ટ'ની વાત કરતા હતા પરંતુ આજે 'ઈન્ડિયા ફર્સ્ટ'ની વાત થઈ રહી છે. આજે એવા ઘણા મુદ્દા છે જેના મૂળ ભૂતકાળ સાથે જોડાયેલા છે. વર્તમાન સરકારે આમાંથી ઘણા મુદ્દાઓ ઉકેલ્યા છે જયારે કેટલાક મુદ્દાઓ એવા છે જેમાં હજુ થોડો સમય લાગશે. વિદેશ મંત્રીએ કહ્યું કે પૂર્વ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ કાશ્મીર મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રમાં લઈ જવાના પક્ષમાં ન હતા પરંતુ નેહરુએ તેમની વાત સાંભળી ન હતી.

વિદેશ મંત્રીએ કહ્યું, 'પાકિસ્તાનના કિસ્સામાં પણ મને લાગે છે કે લોકો જાણે છે કે સરદાર પટેલ કાશ્મીર મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રમાં લઈ જવાના પક્ષમાં ન હતા. તે સંયુક્ત રાષ્ટ્રમાં હાજર જજની માનસિકતા વિશે જાણતો હતો. પરંતુ અમે કાશ્મીરના મુદ્દે યુએનમાં ગયા હતા. ત્યાં જઈને અમારા પર યુદ્ધવિરામ માટે દબાણ કરવામાં આવ્યું. આજે, જ્યારે આપણે આપણી સીમાઓ વિશે વાત કરીએ છીએ, ત્યારે કેટલાક લોકો તેને ફરીથી સેટ કરવાની વાત કરે છે.

આપણી મર્યાદાઓ હજુ પણ આપણી મર્યાદાઓ છે. આપણે તેમના વિશે કોઈ શંકા ન કરવી જોઈએ. પરંતુ મુદ્દો ભૂતકાળમાં શું બન્યું તેનો છે. અમારી સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ભૂતકાળ સાથે જોડાયેલા ઘણા મુદ્દાઓને ઉકેલવાનો પ્રયાસ કર્યો છે. આમાંના કેટલાક મુદ્દાઓને સફળતાપૂર્વક ઉકેલવામાં આવ્યા છે જયારે કેટલાકને થોડો વધુ સમય લાગશે.




ભાવનગર આવૃત્તિ **8** તા.૦૩-૦૪-૨૦૨૪, બુધવાર

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




**કમિશનરની કડક કાર્યવાહીના પગલે વેપારીઓ અને નગરજનો ખુશ-ખુશાલ, દબાણકર્તાઓમાં ફફડાટ**

# ઘોઘાગેટમાં સતત બીજા દિવસે કમિશનરની તવાઈ : દબાણકારોને પનાહ આપનાર મલ્ટીલેવલ પાર્કિંગના સંચાલકને ૫૦ હજારનો દંડ









તસવીર : મૌલીક સોની

ભાવનગર, તા.૩

ભાવનગરના હાર્દ સમા ઘોઘાગેટ ચોકમાં લારી-પાથરણાવાળાઓએ આડેધડ દબાણો ખડકી જાણે કે શહેરને બાનમાં લીધું હોય તેવો માહોલ ખડો કર્યો હતો જેના પાછળ મહાપાલિકા ઉપરાંત પોલીસ તંત્રની નબળાઈ સ્પષ્ટ જણાતી હતી. બે-ત્રણ દિવસ પૂર્વે વહેલી સવારે લોહીયાળ મારામારી બાદ પોલીસ તંત્રએ એક દિવસ માટે કડકાઈ દાખવી હતી. જ્યારે બીજા દિવસથી મ્યુ. કમિશનર ઉપાધ્યાયે મેદાને આવી ગેરકાયદે લારી-ગલ્લા અને પાથરણાવાળા સામે તવાઈ બોલાવી હતી. ગઈકાલે કોર્પોરેશનના દબાણ હટાવ સેલે કમિશનરના સીધા માર્ગદર્શનમાં ચાર ટેમ્પો ભરીને સામાન જપ્ત કરતા દેકારો બોલી ગયો હતો. દરમિયાનમાં આજે પણ મ્યુ.

## ઘોઘાગેટ ચોક અને શાકમાર્કેટમાંથી ૨૬ લારીઓ જપ્ત, મલ્ટીલેવલ પાર્કિંગમાં વાહનોને બદલે લારીઓને પનાહ અપાતા ૧૦૧ લારીઓ સીઝ કરી દંડ વસુલવા કાર્યવાહી

કમિશનરે ફરીથી ઘોઘાગેટ અને શાકમાર્કેટનો રાઉન્ડ લેતા તંત્રની વધુ કડક કાર્યવાહીનો સામનો દબાણ કરતા તત્વોને કરવો પડ્યો છે.

શહેરના હાર્દ સમા ઘોઘાગેટ ચોકને કાયમી દબાણમુક્ત કરવા મ્યુ. કમિશનરે સંકલ્પ લીધો હોય તેમ આજે બીજા દિવસે પણ રાઉન્ડ લેતા રૂપમ ચોક અને શાકમાર્કેટમાંથી ૨૬ લારીઓ ઝપટે ચડી હતી. જે તમામને જપ્ત કરાવી દંડ વસૂલવા સુચના આપી છે. જ્યારે કમિશનરના રાઉન્ડમાં ગંગાજળિયા તળાવમાં આવેલ મલ્ટીલેવલ પાર્કિંગમાં માલ-સામાન સાથેની લારીઓનો ખડકલો ધ્યાને પડતા કમિશનર ચોંકી ઉઠ્યા હતાં. તપાસમાં જાણવા મળ્યું હતું કે, ગેરકાયદે ઉભા રહેતા તમામ લારી ધારકો રાત પડે ને મલ્ટીલેવલ પાર્કિંગમાં પોતાની લારીઓ સુરક્ષિત રીતે મુકી દે છે. સામે મલ્ટીલેવલ પાર્કિંગના સંચાલક આર્થિક ઉપાર્જન મેળવે છે અને ગેરકાયદે લારી-પાથરણાવાળાઓને એક રીતે પનાહ પુરી પાડે છે.

આથી કમિશનરે આદેશ કરી મલ્ટીલેવલ પાર્કિંગમાં મુકાયેલ ૧૦૧ લારીને ત્યાં જ સીઝ કરાવી તેની રખેવાળી માટે એક ચોકીદાર બેસાડી દેવાયો હતો. જ્યારે પ્રત્યેક લારી ધારક પાસેથી રૂા.૧૫૦૦ દંડ વસુલવા તેમજ તેને પનાહ આપનાર મલ્ટીલેવલ પાર્કિંગના સંચાલક પાસેથી પર લારી રૂા.૫૦૦ દંડ વસુલવા સુચના આપી હતી. આમ, ગેરકાયદે ઉભા રહેતા લારી ધારકોને મદદ કરનાર મલ્ટીલેવલ પાર્કિંગની સંચાલક એજન્સી ફસાઈ છે અને આશરે રૂા.૫૦ હજારનો દંડ આવી પડ્યો છે.

## અબકી બાર ૨૦૦ (કરોડ) કે પાર ઘરવેરાની જબ્બર વસુલાત માટે સન્માન સાથે કમિશનર દ્વારા અપાયો નવો લક્ષ્યાંક

ભાવનગર,તા.૩

ભાવનગર મહાપાલિકામાં કમિશ્નર એન.વી.ઉપાધ્યાયના સીધા માર્ગદર્શન તળે જુદા જુદા વિભાગ જળહળતી અને પરિણામ લક્ષી કામગીરી કરી રહ્યા છે. નાણાકીય ૨૦૨૩-૨૪ના વર્ષમાં ઘરવેરાની આવક રૂા.૧૬૦ કરોડથી પણ વધુ થઈ છે જે એક નવી સિધ્ધી છે. ત્યારે આ સિધ્ધીના સાચા હક્કદાર એવા જુદા જુદા ચાર વિભાગના સંબધીત અધિકારી-કર્મચારીઓનું કમિશ્નરે ડિનર સાથે સન્માન યોજ્યું હતું. આ સાથે ચાલુ વર્ષે આ લક્ષ્યાંક ઉંચે લઈ જઈ ૨૦૦ કરોડનો ટાર્ગેટ પણ આપ્યો હતો.

મંગળવારે સાંજે સરદારનગર સ્થિત મેઘાણી ઓડીટોરીયમના મિની હોલમાં મ્યુ.કમિશ્નર ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને ઘરવેરા, એસેસમેન્ટ સેલ, અપીલ વિભાગ અને રિકવરી ટીમના મળી ૧૧૦ અધિકારી-કર્મચારીઓ માટે ડિનર યોજી તમામનું સન્માન કરી પ્રોત્સાહીત કરાયા હતા. મ્યુ.કમિશ્નરે રૂા.૧૬૦ કરોડ કરતા વધુ વસુલાત અંગે તમામને અભિનંદન પાઠવ્યા હતા. સાથોસાથ ચાલુ વર્ષે ઘરવેરામાં રૂા.૨૦૦ કરોડની વસુલાત માટે ગોલ આપ્યો હતો. કોર્પોરેશનના ઈતિહાસમાં કદાચીત આ પ્રકારનો કાર્યક્રમ પ્રથમ હતો.

**રૂા.૧૬૦ કરોડથી વધુ વસુલાત થતા સંબંધીત અધિકારી-કર્મચારીઓ માટે કમિશનરે ડિનર ગોઠવ્યું**

## વાડીમાં ભેલાણ કર્યાના ગુનામાં કુંભણના છ શખ્સને ૧ વર્ષ કેદ

### ત્રણ વર્ષ પૂર્વેના કેસનો પાલીતાણા કોર્ટ દ્વારા અપાયેલો ચુકાદો

ભાવનગર, તા.૩

પાલીતાણા તાલુકાના કુંભણ ગામે ત્રણ વર્ષ પૂર્વે વાડીમાં ગેરકાયદેસર રીતે ગાયોને ઘુસાડી જુવારના પાકને તેમજ તાર ફેન્સીંગને નુકસાન કરાવી વાડી માલિકને માર માર્યાની નોંધાયેલી ફરિયાદના ગુનાનો કેસ પાલીતાણા કોર્ટમાં ચાલી જતા પાલીતાણા કોર્ટના ન્યાયમૂર્તિએ છ શખ્સોને કસુરવાર ઠેરવી એક એક વર્ષની જેલની સજાનો હુકમ કર્યો હતો.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગત તારીખ ૧૮,૨,૨૦૨૧ના રોજ કુંભણ ગામે રહેતા અને ચાર વીઘાની વાડી ધરાવતા ભાર્ગવભાઈ જીવરાજભાઈ નાકરાણીએ પાલીતાણા પો.સ્ટે.માં ફરિયાદ નોંધાવેલ કે લોકડાઉન દરમિયાન કુંભણ ગામે આવેલી તેમની વાડીમાં જુવાર વાવેલી હતી ત્યારે અશોકભાઈ અરજણભાઈ ખાંભલીયા, ગોકુળ ભગવાનભાઈ આલ તેમજ ભરતભાઈ ભીખાભાઈ ખાંભલીયાએ તેમની ગાયો ગેરકાયદેસર રીતે પોતાની વાડીમાં ચરવા મૂકી દીધી હતી અને તેઓને ગાયોને બહાર કાઢવાનુ કહેતા ઝઘડો કરી ગાળો આપી ગાયોને તાર ફેન્સીંગ વાટે બહાર કાઢી જુવારના પાકને તથા તાર ફેન્સીંગને નુકસાન કરી ચાલ્યા ગયેલ. ત્યારબાદ ૨૫ થી ૩૦ જણાના ટોળાને લઈ મારવા આવેલ અને ખંપાળી વડે માર મારેલ પરંતુ તેઓના પરિવારજનો આવી જતા તેમને બચાવેલ.

અનુસંધાન ૬




## તળાજા-સિહોર પંથકના ત્રણ શખ્સો બે પિસ્તોલ, એક તમંચા સાથે ઝડપાયા

**અસામાજીક તત્વો અગાઉ પણ હથિયાર રાખવા સહિતના ગુનામાં ઝડપાયા હતાં**



ભાવનગર,તા.૩

ભાવનગરના તળાજા પંથકમાં એક સમયે કૃખ્યાત શૈલેષ ધાંધલીયાના સાથીદાર રહી ચુકેલા દેવગાણા અને દિહોરના બે શખ્સો તથા સિહોરના ભડલીનો અન્ય એક શખ્સ મળી ત્રણ શખ્સો બે પિસ્તોલ અને એક તમંચા સાથે ઝડપાઈ જતા પોલીસે તેની ધરપકડ કરી કાયેદસરની કાર્યવાહી કરી હતી. પોલીસના હાથે હથિયાર સાથે ઝડપાયેલા પૈકીના એક કે બે શખ્સ તો અગાઉ પણ હથિયાર સાથે ઝડપાઈ ચુક્યા હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

આ અંગે ઉપલબ્ધ વિગતો અનુસાર સેવાલીયા પોલીસના માણસો ચૂંટણી સંદર્ભે નાઈટ ચેકીંગમાં હતા ત્યારે ગલતેશ્વરના મહારાજાના મુવાડા નવી ચેકપોસ્ટ પાસે ગોધરા તરફથી આવતી ખાનગી ટ્રાવેલ્સ બસને અટકાવી ચેકીંગ હાથ ધર્યુ હતું. ત્રણ પેસેન્જર શંકાસ્પદ લાગતા તેની તલાશી લેવાઈ હતી જેમાં આ ત્રણેય શખ્સો પાસેથી બે પિસ્તોલ અને ૯ જીવતા કારતુસ અને એક દેશી તમંચો મળી આવ્યો હતો આથી પોલીસે ત્રણેય શખ્સોને બસમાંથી ઉતારી પુછતાછ આદરતા તેઓ મજબુતસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ (રહે.ભડલી-તા.સીહોર) નરેશ ઉર્ફે લતીફ નંદરામ જાળેલા (રહે.દેવગાણા-તા.સિહોર) અને દિલીપ ઉર્ફે સુખો બાલાભાઈ મકવાણા (રહે.દિહોર-તા.તળાજા) હોવાનું ખુલ્યુ હતું.

પોલીસે આ હથિયારો અને કારતુસ ક્યાંથી લાવ્યા તે અંગે કડક પુછતાછ કરતા આ ત્રણેય શખ્સોએ આ હથિયારો મધ્યપ્રદેશના કુક્ષી ખાતે સરદાર નામના શખ્સ પાસેથી ખરીદયા હતા અને ભાવનગર લઈને જતા હોવાનું કબુલ્યુ હતું. પોલીસે ઉપરોક્ત હથિયાર અને કારતુસ મળી કીંમત રૂપીયા ૬૪,૫૦૦ તથા રોકડ રકમ, મોબાઈલ મળી કુલ રૂપિયા ૮૪,૨૮૦નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.